હૃદયપલટો.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. } અંક ૧૯ મો. } સંવત ૧૯૮૬ ના વૈશાખ સુદી ૭. તા૦ ૫-૫-૩૦ { છુટક નકલઃ { ના આનો.

## સાગરાનંદજીનું પરાક્રમ.

### જૈન કોમ હવે તો ચેતશે કે?

શ્રી સુરત અને બીજા દરેક સ્થળોના જૈન બન્ધુઓને હું નીચે સહી કરનાર શા. ધેલાભાઈ અમીચંદ વિનંતિ પૂર્વક જાહેર કરૂં છું કે મારી પુત્રવધુ શ્રીમતીબાઈ મંગળાને મારી રાજી ખુશીથી શ્રી ભાગવતી દીક્ષા વૈશાખ શુદ ૩ ને દીવસે અપાવવાનો હતો અને તે શુભ પ્રસંગને અનુસરીને શ્રી સુરત નાણાવટ તાળાવાળાની પોળમાં શ્રી અજીતનાથજી ભગવાનના દેરાસરજીમાં અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કર્યો હતો અને શ્રી ભાગવતી દીક્ષા મહોત્સવનો વરઘોડો પણ શાસનની શોભા અર્થે કાઢવાનો હતો તે પ્રસંગોમાં ભાગ લેવાને અમારી રાજી ખુશીથી યોગ્ય જાહેરાત કરીને તેમજ યુવક સંઘના પ્રમુખ સાહેબને આમંત્રણ પત્રિકા જે લખી હતી તે બાઈ મંગળાની સંમતી લઈને મોકલવામાં આવી હતી અને આખા સુરત શહેરમાં ટેલ પડાવી શ્રી સકળ સંઘને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તે દીક્ષા અને બીરાજતા સાધ્વીજી શ્રી નવલશ્રીજી તથા સાધ્વીજી શ્રી ઉત્તમશ્રીજી મહારાજે શ્રી સાગરાનંદ સુરીજી તથા શ્રી રીધ્ધીવીજયજી મહારાજના હસ્તે આપવાનું નક્કી કર્યું હતું છતાં છેક છેલ્લી ઘડીએ શ્રી સાગરાનંદસુરીજીએ અમારી સામે ઘણીજ અયોગ્ય અને અઘટીત મુસીબતો ઉભી કરી અને કેટલીક તદ્દન અયોગ્ય કબુલાતો અમારી પાસે માંગવામાં આવી કે જે કબુલાતો કોઈ પણ સ્વમાન ધરાવનાર શ્રાવક કબુલ કરી શકે નહી અને જો અમે એમની કબુલાતો કબુલ કરીએ તોજ મહારાજ શ્રી પોતે દીક્ષા આપે, જો એ કબુલાતો હું કબુલ કરૂં તો શ્રી સંઘમાં મોટો વિક્ષેપ થાય અને કદાચ સુનેહનો ભંગ પણ થાય એવું મને લાગવાથી મે તે કબુલાતો કબુલ કરી નહીં અને આવા સંજોગોમાં મને મુકી દઈ મારા સગા સંબંધીઓ અને સ્નેહીજનોમાં કલેશ અને કંકાશનું વાતાવરણ ઉભું કરી દીધું, તે ઉપરથી હું એવું ઉપરનું શુભ પરિણામ લાવવાને મારાથી બનતા પ્રયત્નો કરતો હતો તેટલામાં શ્રી સાગરાનંદસુરી તરફથી કેટલાક કહેવાતા શાસનપ્રેમીઓની મદદથી દીક્ષા લેનાર બાઈને બોલાવી લેવામાં આવી અને પોતે જે ઉપાશ્રયમાં બીરાજતા હતા ત્યાંજ દીક્ષા આપવાની શરૂઆત કરી દીધી અને એ બાબતની, સાધ્વીજી શ્રી નવલશ્રીજી તથા સાધ્વીજી શ્રી ઉત્તમશ્રીજી મહારાજ કે જેમની દીક્ષા લેનાર બાઇ ચેલી થવાની હતી તેમને ખબર પડતાં સાધ્વીજી શ્રી નવલશ્રીજી, ગોપીપુરા નેમુભાઈ શેઠની વાડીના ઉપાશ્રયે જઈ શ્રી સાગરાનંદસુરીને વિનંતી કરીને કહ્યું કે સાહેબ, હાલમાં આ બાબતને માટે એમના સગા સંબંધીઓમાં અને સ્નેહીજનોમાં ઘણોજ મોટો ઝઘડો ઉભો થયો છે માટે આપ આજે હાલ એ દીક્ષા આપવી બંધ રાખો. પણ શ્રી સાગરાનંદજી કે જેનું નામ સારા હિન્દુસ્તાનમાં ઝઘડાચાર્યથી પ્રસિદ્ધ છે, તો તે દીક્ષા આપવાનું કેમ બંધ રાખે! ઉલટે શ્રી સાગરાનંદજી (ઝઘડાચાર્ય) પોતાના દુરાગ્રહ સ્વભાવને વશ રહી બીજા સાધ્વીજીને બોલાવી આવા તોફાની વાતાવરણની વચ્ચે દીક્ષા આપી, એક સાધુને ન શોભે એવું પગલું ભર્યું અને પોતાની

## મગરૂબીમાં મ્હાલશો ના! હો!

અય 'દેવાનુપ્રિયો'!

હે...વ...તા...ના વ...હ્લ...ભો!
જરા મદમસ્તીથી વિરામ લેશો?
જરા અંતરના ઉંડાણમાં ઉતરશો?
પોતાનું ગૌરવ-તેજ જાળવવાને બદલે
મુંગે મોંયે
પોતાની ક્ષુદ્રતા કેમ ન ચલાવી લેવાય!
એ મગરૂબીમાં માલ નથી હો!

* * *

પતનના ડંકા વાગે છે!

જરા કાન દઈને સાંભળો!......
ગબારૂ ગાફેરો વચ્ચે ગાજે છે...નાચો છો,
પણ પવિત્રતા પર પૂળાઓ મૂકાય છે.
જરા આંખ ખોલી જુઓ!......
હૃદય પર હાથ મૂકી બોલો!......
અધોગમનના અખતરાઓ કેટલાં કર્યાં છે?
દ્વેષનાં દાવાનળમાં સતત સળગી રહ્યાં છો, ને
અવિવેકની આગમાં સમાજને હોમી રહ્યાં છો.
અરેરે!......પ્રભુ......
હઠયોગની ખુમારીમાં માલ નથી હો!

* * *

શીખી શકાય તો શીખો!

નહિંતર થપડ મારી જમાનો શીખવશે.
'સ્વાતંત્ર્ય'નો પવન સડસડાટ ચાલ્યો આવે છે.
ફુરૂરૂરૂ...કૂ હવામાં ઉડાડી મૂકશે.
સમજો...જરા......ભગવન્!......કે......
મગરૂબીમાં માલ નથી હો!

—B.

આગલી કારકીર્દિમાં એકનો વધારો કર્યો છે, આ ઉપરથી સર્વે જૈન ભાઈઓ સમજી શકશે કે સાગરાનંદજી મહારાજ હર હંમેશને માટે શાન્તિપ્રીય નથી. આજ રોજે બાઈ મંગળાએ સાગરાનંદ સુરીજીને જે અરજ કરી છે અને તે બદલાના જે હેન્ડબીલો દીક્ષા લેનાર બાઈ મંગળાની સહીથી બહાર પડયા છે તે માટે મારે સર્વેનું ધ્યાન ખેંચવું પડે છે કે એ હેન્ડબીલના લખાણમાં કોન્ફરન્સ તથા યુવકસંઘ પર જે આક્ષેપો કરવામાં આવ્યા છે તે તદ્દન ગેરવ્યાજબી અને ખોટા છે, તેને માટે હું ઘણોજ દીલગીર છું. લી૦ સંઘના સેવક,

સુરત નાણાવટ
તાળાવાળાની પોળ
તા૦ ૨-૫-૩૦.

શા. ધેલાભાઈ અમીચંદ.
દા. માણેકલાલ ધેલાભાઈ.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.


पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## હૃદયપલટો.

મહાત્મા ગાંધીજીનું ધર્મયુદ્ધ ધીમેથી શરૂ થયા છતાં આજે પ્રખર બની રહ્યું છે. એમાં રહેલી વિશાળ ભાવનાએ સંખ્યાબંધ આત્માઓનાં હૃદય પલટાવી નાખ્યાં છે. એમની પ્રત્યેક ક્રિયામાં વિચાર-વાણી અને વર્તનની એકતા એ આવશ્યક વસ્તુ છે. ગાંગજીરંગ કે આડંબરને અંશતઃ સ્થાન નથીજ. પ્રત્યેક લડવૈયાએ પ્રથમ આત્મશુદ્ધિની પ્રબળ ભટ્ટી-માંથી પસાર થઇ શુદ્ધપણે દ્રઢતાપૂર્વક ટકવાનું છે. સાચી દેશ સેવા એમાં સમાઇ જાય છે. આજે એ વાતનું દિગ્દર્શન કરાવતાં સંખ્યાબંધ ઉદાહરણો આપણી ચક્ષુ સામે બની રહેલા જોઇ રહ્યા છીએ અને દિવસ જતાં એ ગણના ક્યાં જઇ અટકશે એ કહેવું પણ મુશ્કેલ છે

જૈન ધર્મિ તરિકે આ પરિસ્થિતિ માપતા આપણને મુશ્કેલી ન નડવી જોઇએ છતાં અન્ય સમાજો કરતાં આપણેજ એમાં પાછળ છીએ એનું કારણ શું? સત્ય નગ્ન સ્વરૂપમાં સમજાય તો હૃદય પલટો થતાં જરા પણ વિલંબ નજ લાગવો જોઇએ. વળી આંતરિક હૃદય પલટા સિવાય આપણી સેવાની ધુમ અરણ્ય રૂદન જેવીજ રહેવાની, એટલે આપણા પ્રત્યેક કાર્યની, આપણા દરેક વર્તનની ઝીણવટથી તપાસ લેતા રહી નજરે પડતી એકેએક ત્રુટિ સુધારવા કટિબદ્ધ થવું ઘટે.

આપણું માનસ જોતાં આપણામાં હજુ કેટલી બધી મલિનતા ભરેલી છે તેનો સાચો ખ્યાલ આવે છે. શાસન-પ્રેમીનો દાવો કરનાર એક ભાઇ 'કઠીયા' છાપામાં કુદી પડી અત્યારથીજ પોતાની સોસાયટીનાં વખાણ ગાવા મંડી પડ્યા છે અને એ સાથે યુવક સંઘ સામે ઝુંબ ઉશકવાની જાલિશતા દાખવી રહ્યા છે. ભારતવર્ષની મુક્તિ માટે પ્રવર્તી રહેલ યજ્ઞમાં ભોગ આપનાર સ્વફરજ અદા કરવા સિવાય વધુ કંઇજ કરતો નથી. વળી જૈન સમાજ છાતી કહાડી બોલી શકે તેવા ભોગો તો અપાયા પણ નથી, તો પછી મી૦ કઠીઆ ઉંધુ ચલુતર ચલુવા કેમ મંડી પડયા હશે! સુરતના સંમેલનોના ઠરાવો જોતાંજ એક તટસ્થ જોનારની સહેજે ખાત્રી થઇ શકે તેમ છે કે સાચા જૈનનો દાવો કરનાર અને પોતાની જાતને ધર્મનું શુદ્ધ સ્વરૂપ માનનાર આ પ્રેમીવર્ગમાં ધર્મનું કેવું બહુ માન, શાસન માટે કેટલી દાઝ અને દેશ અર્થે કેવી પ્રીતિ છે! શાણપણ આજે એ વાતોને દાબી રાખવામાં છે. ઘરના મતફેરોને વારે કવારે ચર્વિત ચર્વણ કરવાનો આ સમય નથી. દેશભરમાં જ્યારે આઝાદીના સુર ફુંકાઇ રહ્યા હોય ત્યારે માન્યતાઓની ચર્ચામાં કાળક્ષેપ કરવા બેસવું એ સમજુ-ઓનું કર્તવ્ય નથી. સ્વમુખે બહારો હાંકનારા અને જાણે ધર્મને ટકાવી રાખ્યો હોય તો 'અમોએજ' એવો ઘમંડ ધર-નારા ભલે પોતાના ટોળાને ઉન્માદમાં આવી જઇ વધીઆર દર્શાતા બની બેસે છતાં સાચા પરિક્ષક પાસે કે નિષ્પક્ષ દ્રષ્ટા સમક્ષ તેમની કિંમત કોડીની પણ નથી. અહિંસક સમરાંગણ અત્યારે એટલી પ્રખરતાએ પહોંચ્યો છે કે જે વેળા સાચા મતફેરો માટે વિવેચન કરવું પણ પરવડે તેમ નથી તો પછી 'હું-બાવા ને મંગળદાસ' જેવાના બકવાદોમાં મન પરોવવાનું તો પાલવેજ શી રીતે? સમય આવે એની ચોખવટ કરવાની છે એટલે હાલના તબક્કે એમાં માથું ન મારતા પ્રત્યેક વ્યક્તિ, નેત્ર સામે ઉપસ્થિત પ્રશ્નના નિવેડામાં લયલીન બની જાય, હૃદયપલટો કરે અને તે પણ ઘરમૂળથીજ. આજે કામનો તોટો નથી-સાચા સૈનિકોની માગણી થઇ રહી છે. સભાસ્થાનોમાં શાંતિ ને વ્યવસ્થા જાળવનારાની પણ જરૂર છે. કાંતણ-પીંજણ પણ કેટલાયે હાથો માંગે છે. ખાદી ધારણ કરવામાં ને એનો પ્રચાર કરવામાં જેટલા વધુ જોડાય એટલું વધું કાર્ય થાય. પરદેશી કાપડ બહિષ્કાર અને મદ્યપાન નિષેધ આદિ કાર્યોમાં પણ ઉમંગી કામ કરતારાઓ તો જોઇએજ છે. સ્વશક્તિનો તાગ કહાડી, કામ કરવા મંડી જવું એજ યુવકનો ધર્મ.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

### સામાન્ય સભામાં થએલા ઠરાવો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય સભા તા૦ ૩૦-૪-૩૦ બુધવાર, રાત્રિના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં મળી હતી, જે વખતે નીચેના ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા

(૧) અત્યારની રાજકીય લડતમાં ભાગ લેવા માટે સરકારી શિક્ષા પામવા બદલ શ્રી. મણિલાલ કોઠારી, શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠ, શ્રી. રમણીકલાલ મગનભાઇ મોદી, શ્રી. ઝવેરચંદ મેઘાણી, શ્રી. કાન્તીલાલ કેશવલાલ કઠીયા, શ્રી. ફુલચંદ કસ્તુરચંદ શાહ તથા શ્રી. ચંપકલાલ નાથાલાલ વગેરેનું આ સભા અંતઃકરણપૂર્વક અભિનન્દન કરે છે અને તેમના પગલે ચાલી આ લડતમાં બને તેટલું બળિદાન આપવા જૈન બંધુઓને આગ્રહ કરે છે.

(૨) અત્યારની રાજકીય હીલચાલને દબાવી દેવા માટે સરકાર દેશનેતાઓ તથા સ્વયંસેવકો ઉપર જે અત્યાચારો કરી રહી છે તે સામે આ સભા પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે.

(૩) આ જૈન યુવક સંઘની સામાન્ય સભા રાષ્ટ્રીય મહાસભાના રાજકીય ધ્યેયને સ્વીકારે છે અને સંઘના દરેક સભ્યને શુધ્ધ ખાદી પહેરવાનો આગ્રહ કરે છે.

(૪) આ સભા જુન્નેર કોન્ફરન્સનો સુકૃત ભંડાર ફંડનો ઠરાવ સ્વીકારે છે અને દરેક સભ્યને સુકૃત ભંડાર ફંડનું લવાજમ જૈન કોન્ફરન્સમાં ભરવા ખાસ સુચના કરે છે.

(૫) શ્રી પાટણ જૈન સંઘની ઇરાદાપૂર્વક અવજ્ઞા કરી, અને ત્યાંના સ્થાનિક સંઘના દિક્ષાના સંબંધના નિયમનું આણીબુઝીને ઉલંઘન કરવા માટે શ્રી લબ્ધિસુરિની વિરૂદ્ધ પાટણ જૈન સંઘે જે ઠરાવ કર્યો છે તેને આ સંઘની આજે મળેલી સામાન્ય સભા અનુમોદન આપે છે.

લી૦,

ઓધવજી ધનજી શાહ,
જમનાદાસ અમરચંદ ગાંધી,
રતીલાલ ચીમનલાલ કોઠારી,
મંત્રીઓ: શ્રી મું. જૈન યુવક સંઘ.

# પહેલા સંઘાડાબહાર અને હવે સંઘબહાર.

આચાર્ય વિજયદાનસૂરિ અને વિજયલબ્ધિસૂરિ પોતપોતાના પરિવાર સહિત સ્વર્ગવાસી જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિ (શ્રી આત્મારામજી મહારાજ) ના સંઘાડાના વયોવૃદ્ધ તેમજ ઘણા વર્ષના દીક્ષિત સપ્રતિષ્ઠિત મુનિ મહારાજ પ્રવર્તકજી, શ્રી કાન્તિવિજયજી તથા શાંતમૂર્તિ, શ્રી હંસવિજયજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજજીના પટ્ટધર શ્રી વિજયવલ્લભસૂરિજી આદિની સાથે વૈમનસ્ય કરી **શ્રી આત્મારામજી મહારાજજીના સંઘાડા બહાર તો પ્રથમથીજ થઈ ચૂક્યા છે.** હવે હાલમાં પાટણના શ્રી સંઘના કાયદાનું અપમાન કરવાથી **વિજયલબ્ધિસૂરિને પાટણના શ્રીસંઘે સંઘ બહારની ઉદ્ઘોષણા કરી દીધી છે. આપણ એક સમયની અને ક્રાંતિની બલીહારીજ કહેવાય.** એક સમય એવો હતો કે છાશવારે ને છાશવારે સાધુઓ પોતાની સત્તાના શીંગડાઓથી આંધળા બની કોઈ પ્રકારની આડી અવળી મસલત ચલાવી, પોતાના માનેલા અને લકીરના ફકીર જેવા અંધભક્તોને ઉશ્કેરી શ્રાવકોને ઝટ સંઘ બહારનો જુલમી કાળો કાયદો ઠોકી બેસાડતા હતા. અત્યારે એજ સંઘ બહાર ઠોકનારા દાંભિક સાધુઓનેજ શ્રી સંઘ બહાર થવાનો સમય **આવી લાગ્યો છે અર્થાત્ પાટણના શ્રીસંઘે આચાર્ય લબ્ધિસૂરિ (!) ને, તેમના પરિવારને અને નૂતન દીક્ષિતોને સંઘ બહાર ઠોકી દીધા છે,** તેવીજ રીતે જામનગરના શ્રી સંઘે સાગરસેનાને સંઘ બહાર કરી છે. સંઘ બહાર કરેલા સાધુઓને આહાર પાણી, વસ્તિ, પ્રમુખ આપવું એ શાસ્ત્ર વિરૂદ્ધ હોવાથી કોઈએ આહાર–પાણી–વસ્તિ આદિ આપવા નહી અને સંઘ બહાર થએલા દાંભિક વેષધારી સાધુઓથી ચેતીને ચાલવું. પાટણના શ્રી સંઘે કરેલો ઠરાવ આ નીચે આપ્યો છે: વેષધારી, ભાગટા, વિભ્રષ્ટ સાધુઓથી ચેતીને ચાલશું તો આપણે દુનિયામાં જીવતાં કહેવડાવાનો દાવો કરી શકીશું. અન્યથા યાદ રાખજો કે જેવા હાલ નાલાયક વેષધારી સાધુઓના થઇ રહ્યા છે તેવાજ તેનાથી પણ અધિકતર હાલ વેષધારીની પાછળ ગમન કરનારા અંધભક્તોના સમજવા, જો તમારે સમાજની ક્રાંતિમાં સક્રિય ભાગ લેવો હોય તો આવા સંઘ બહાર થએલા બદમાસોથી હવે ચેતો, ચેતો ફરીને ભાર દઈને કહું છું કે ચેતો અને ધૈર્ય ધારણ કરો.

સાધુઓ પોતાના સ્વાર્થની ખાતર ધર્મને અગાડી કરી ધર્મના નામે તમોને ભોળવશે, ધર્મના નામે તમોને ઉશ્કેરશે અને ધર્મના નામે તમોને ભમાવશે પરંતુ જો તમારે હવે તમારા ધર્મની ગુમેલી જાહોજલાલી પાછી મેળવવી હોય તો તમો હવે ભોળાવાના નહી, ઉશ્કેરાતા નહી, ભમાતા નહી, પરંતુ મક્કમપણે રહી કેવળ **વેષધારી સાધુઓનો,** સાધુતાનો ડોળ કરનારા સાધુકાઓનો શીઘ્ર બહિષ્કાર કરો અને પાટણના શ્રી સંઘની માફક, તથા જામનગરના શ્રી સંઘની માફક તમો પણ મક્કમ રહી કામ કરતા શીખો એમાંજ તમારો વિજય છે, તમારા ધર્મનો વિજય છે અને તમારા સાચા ત્યાગી સાધુઓનો–ધર્મગુરૂઓનો વિજય છે. બોલો એકવાર જોરથી '**ક્રાંતિદેવીની જય હો' સાચા ધર્મની જય હો.** વ્યભિચારી સૃષ્ટિ વિરૂધ્ધ કાર્ય કરનાર વેષધારી કહેવાતાં ધર્મગુરૂ (!)ઓનો બહિષ્કાર કરવા જેઓ અશક્તિવાન હોય તેઓએ રશિયાનો ઇતિહાસ વાંચવો.

**ક્રાંતિપ્રિય.**

# પાટણમાં ભાગવતી જૈન દીક્ષા.

## આચાર્યશ્રી વિજયલબ્ધિસુરીને ખુલ્લો પત્ર.

પાટણના શ્રી સંઘના ઠરાવની વિરૂદ્ધ જઈને આપે થોડું કે આગાઉ પાટણમાં બે ભાઈઓને દીક્ષા આપી પાટણના શ્રી સંઘનું ઇરાદાપૂર્વક અપમાન કર્યું છે. આ રીતે પચ્ચીસમા તીર્થંકર એવા શ્રી સંઘનું અપમાન કરીને આપે ભયંકર અને અક્ષમ્ય ગુન્હો કર્યો છે. જો દીક્ષાજ આપવી હતી તો પાટણના જેવો ઠરાવ જે ઠેકાણે હસ્તી ધરાવતો ન હોય તેવા ગામમાં જઈને દીક્ષા આપવી હતી, અથવા તો પાટણમાં દીક્ષા આપવાને માટે પાટણના શ્રી સંઘની રજા માગવી હતી. જો કોઇ પણ જાતના વાંધા વગરની યોગ્ય દીક્ષા હોત તો તેઓ જરૂર રજા આપત. બાકી અમે કહીએ તે શાસ્ત્રોક્ત અને અમારા કહેવાથી ઉલટું કહે તે ઉત્સૂત્રપ્રરૂપણા, અમારી હામાં હા ભણે તે સંઘ અને બીજાઓ તે હાડકાનો માળો, સાત આઠ ગામોની સોસાયટી તે એલ ઇંડીઆ જૈન યંગમેન્સ સોસાયટી (ઓલ વર્લ્ડ જૈન યંગમેન્સ સોસાયટી કહે તો પણ કોણ રોકે છે) એવા એવા દંભ, જુઠાણાં અને હુંપદ ભલે રામસાગરને શોભે, આપને તે ન શોભે. આપના ઘણા ખરા વિચારોની વિરૂદ્ધ હોવા છતાં આપના મુંબઇના ચાતુર્માસ દરમ્યાન લગભગ રોજ વ્યાખ્યાનમાં હાજરી આપીને લેખક આપના ચરણોમાં શીર ઝુકાવતો હતો તેનું કારણ એ નહોતું કે રામસાગરના વિચારોને આપ મળતા છો એ વાતથી હું અજાણ હતો, પરંતુ સમજતો હતો કે તેઓના વિચારોને મળતા હોવા છતાં તેઓની માફક આપ સમાજમાં કલેશ, કંકાસ, ઝઘડા, કુસંપ કરાવનાર કે ભાગલા પડાવનાર નહોતા. તે કામ તો ફક્ત બે મહાત્માઓનુંજ હતું. આજે આપે તે મહાત્માઓનાં તોફાન અને ધીંગાણામાં ભાગ પડાવ્યો છે, એ ખાતર ભલે તેઓ ખુશી થતા હોય પણ લેખક તો નારાજ થયો છે. પાટણમાં બિરાજતા પ્રવર્તકજી મહારાજ તેમજ પન્યાસજી, ધર્મવિજયજીએ પણ ઉક્ત દીક્ષામાં ભાગ નથી લીધો એ જગજાહેર છે. શું તેઓ દીક્ષાના વિરોધી છે, અધર્મી છે કે નાસ્તિક છે? હું માનું છું કે ઉપરોક્ત પ્રશ્નનો આપનો જવાબ નકારમાંજ આવશે એટલુંજ નહિ પણ આપ કબુલ કરશો કે રામસાગરના કરતાં તેઓ સંપૂર્ણ ચારિત્ર્યવાન, ધર્મપ્રેમી, ભીરૂકુલ બીનખટપટી સુસાધુઓ છે. ફેર માત્ર એટલોજ કે આપશ્રી સંઘને ઠોકરે મારો છો, જ્યારે તેઓ સાહેબો શ્રી સંઘને નમન કરે છે.

શ્રી સંઘને ઠોકરે મારીને અપાતી દીક્ષા યોગ્ય હોય તો પણ અયોગ્ય ગણાય. આવી અયોગ્ય દીક્ષાનો પાટણના શ્રી સંઘે બહિષ્કાર કરેલો હોવાથી આપને બહારગામથી રાગભક્તોને બોલાવવા પડ્યા અને આપને બહારગામથી જોઇતા માણસો મળી રહ્યા. મોટાં મોટાં મથાળાઓ સાથેના કોલમો ભરીને અતિશયોક્તીવાળા રીપોર્ટો પેપરોમાં છપાવી શકાયા. આ રીતે ફતેહના દેખાવો કરી શકાયા, છતાં પચ્ચીસમા તિર્થંકર એવા શ્રીસંઘનું અપમાન કરવાના ભયંકર પાપમાંથી આપ છટકી શકયા નથી એ વાત ચોક્કસ છે. બહારગામથી સમજુ અને ડાહ્યા માણસો આવ્યા હોત તો પાટણના શ્રી સંઘની રજા લેવાની તમને આગ્રહપૂર્વક વિનંતી કરત, પરંતુ જે

આવ્યા હતા તે માત્ર ચડસ બને. કુંસાતુંસીને લીધે અને પોતાના પક્ષને મજબુત દેખાડવાના કારણેજ આવેલા. એ આવનારાઓનો કેટલોક ભાગ તો રામસાગરનાં તોફાનો પહેલાં પોતાનાં ગામમાં અપાતી દીક્ષામાં ભાગ લેતો હશે કે કેમ એ શંકાસ્પદ છે, છતાં હું તો તેવા માણસોને પણ નિર્દોષ માનું છું, કારણ તેવા ભોળા અને અજ્ઞાન માણસો કોઈ ખટપટીઓના હાથમાં રમતા રમકડાઓ હોય છે, તેથી ધર્મના ઓઠા નીચે તેઓ બિચારા આડા રસ્તે દોરવાય છે. આવા માણસો ખરેજ દયાને પાત્ર છે. હું તો ચોક્કસ માનું છું કે ધર્મને અને દીક્ષાને આ સ્થિતીમાં લાવનાર જે કોઈ પણ પક્ષ હોય તો તે ધડમ્ ધડમ્ કરી ધર્મની ગેરસેવા કરનાર કહેવાતો શાસનપ્રેમી પક્ષ છે. પરમાત્મા તેઓને સદ્‌બુદ્ધિ આપે!

**મહાસુખ હરગોવન દોશી.**

## વઢવાણનું કહેવાતું આમંત્રણ.

વઢવાણ શહેર જૈનસેવાસમાજ લખી જણાવે છે કે:—

સુરતની સમાજને વઢવાણ તરફથી મળેલું કહેવાતું આમંત્રણ એકજ વ્યક્તિ તરફથી ખાનગી રીતે અપાયેલ છે. વઢવાણ શહેરને અપાયેલ આમંત્રણ સાથે કાંઈ પણ સંબંધ નથી.

## વડોદરા જૈન યુવક સંઘના ઠરાવો.

(૧) હિન્દની રાષ્ટ્રીય મહાસભાએ સંપૂર્ણ સ્વતંત્રતાના કરેલા નિર્ણયની સફળતા માટે મહાત્મા ગાંધીજીએ આદરેલા સત્યાગ્રહમાં વીરતાપૂર્વક ભાગ લઈને તેમજ મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરીને જે જે દેશભક્તોએ દેશની સ્વતંત્રતા માટે પોતાનો ભોગ આપી અહિંસક હોવા છતાં સરકારી દમનનીતિના ભોગે જેલ નિવાસ કરી રહ્યા છે, તેમની પ્રશંસનીય દેશભક્તિ માટે શ્રી જૈન યુવક સંઘ તેમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપે છે.

(૨) પુના સંઘમાં શાન્તિ ફેલાવવા માટે વિજયવલ્લભસુરીજીને ધન્યવાદ સબંધીનો ઠરાવ પસાર કર્યો હતો.

(૩) શ્રીમદ્ વિજયલબ્ધિસુરીજીએ પાટણના શ્રીસંઘના ઠરાવો વિરૂદ્ધ પાટણમાં દીક્ષા આપી કલેશ ઉભો કર્યો છે તેને શ્રી જૈન યુવક સંઘ સખ્ત રીતે તિરસ્કારી કાઢે છે.

## પાટણના યાત્રીકોને સગવડ.

સ્વર્ગસ્થ શેઠ ખીમચંદ નાગરદાસના સ્મરણાર્થે તેમની વિધવા શ્રી મણીબાઈએ, શહેર પાટણમાં આશાપદજી પાસે મોટા ખર્ચે 'જૈન શ્વેતાંબર ધર્મશાળા' યાત્રીકોને ઉતરવા માટે બનાવરાવી છે તો દરેક જૈન ભાઈ તેનો લાભ લેશે.

# દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

### જૈન સત્યાગ્રહીઓના વધુ નામો.

| | | |
|---|---|---|
| શ્રી. માણેકલાલ ચુનીલાલ પટેલ | ૪૧ | જેલમાં |
| ,, શાન્તીલાલ નાથાલાલ | ૪૨ | |
| ,, અનુભાઈ અમૃતલાલ | ૪૩ | |
| ,, કકલભાઈ ગોકળભાઈ | ૪૪ | |
| ,, ફતેચંદ ભાયચંદ ગાંધી | ૪૫ | |
| ,, એમ. બી. ગુજર | ૪૬ | |
| ,, કે. જે. શાહ | ૪૭ | |
| ,, અમૃતલાલ જેસીંગલાલ શાહ | ૪૮ | |
| ,, ચીમનલાલ ઠાકર એડવોકેટ | ૪૯ | |
| ,, કાનજી કરમશી માસ્તર | ૫૦ | જેલમાં. |
| ,, રતનશી પાસવીર | ૫૧ | |
| ,, ત્રીકમદાસ કાલીદાસ | ૫૨ | |
| ,, અમરચંદ ચુનીલાલ | ૫૩ | |
| ,, મણીલાલ મનસુખલાલ | ૫૪ | |
| ,, ચંદુલાલ લાલચંદ | ૫૫ | |
| ,, કસ્તુરચંદ હીરાચંદ | ૫૬ | |
| ,, રાયચંદ હીરાચંદ | ૫૭ | |
| ,, ચીમનલાલ દલસુખભાઈ | ૫૮ | |
| ,, રતીલાલ કુંવરજી ડોકટર | ૫૯ | |
| ,, અમૃતલાલ ચતુરભાઈ | ૬૦ | |
| ,, કાન્તીલાલ વાડીલાલ | ૬૧ | |
| ,, કાન્તીલાલ અમૃતલાલ | ૬૨ | |
| શ્રી. સારાભાઈ નગીનદાસ | ૬૩ | |
| ,, મણીલાલ સામજી | ૬૪ | |
| ,, લીલાચંદ મગનલાલ | ૬૫ | |
| ,, હરીલાલ લક્ષ્મીચંદ મોદી | ૬૬ | |
| ,, માણેકલાલ મગનલાલ મહેતા | ૬૭ | |
| ,, ચંદુલાલ કાલીદાસ જવેરી | ૬૮ | |
| ,, ચંદુલાલ મુળચંદ જવેરી | ૬૯ | |
| ,, દલપતભાઈ લક્ષ્મીચંદ કોઠારી | ૭૦ | |
| ,, રમણીકલાલ શાન્તીલાલ | ૭૧ | |
| ,, બાબુલાલ વનેચંદ પરમાર | ૭૨ | |
| ,, ચીમનલાલ પ્રેમચંદ | ૭૩ | |
| ,, વાડીલાલ શીવલાલ | ૭૪ | |
| ,, પનાલાલ બાલાભાઈ જવેરી | ૭૫ | |
| ,, વાલચંદ ગોવીંદજી દેસાઈ | ૭૬ | |
| ,, રતીલાલ માણેકલાલ તેલી | ૭૭ | |
| ,, બી. એન. મહીશેરી | ૭૮ | |
| ,, ભીમજીભાઈ (સુશીલ) | ૭૯ | |
| ,, જવેરચંદ મેઘાણી | ૮૦ | |
| ,, વિનયચંદ મુલચંદ વૈરાટી | ૮૧ | |
| ,, પોપટલાલ રામચંદ શાહ | ૮૨ | |
| ,, રમણલાલ જેઠાલાલ | ૮૩ | |
| ,, દલસુખલાલ અમથાલાલ | ૮૪ | |
| ,, સોમચંદ કસ્તુરચંદ | ૮૫ | |

[ વધુ નામો આવતા અંકમાં. ]

જે જૈન ભાઈઓ સત્યાગ્રહના ધર્મયુદ્ધમાં દાખલ થયા હોય તેઓએ તેમના મુબારક નામો અમને મોકલી આપવા મહેરબાની કરવી.


## :: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂ. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦


આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઈ નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

**અહિંસાના ઉપાસકોને!** યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. F. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૨૦ મો. | સંવત ૧૯૮૬ ના વૈશાખ સુદી ૧૫. તા૦ ૧૨-૫-૩૦ | છુટક નકલ: ૦॥ આનો. |

## ગાંધીજીની ગીરફતારી સામે જૈનોનો સખ્ત વિરોધ.

તા૦ ૧૧-૫-૩૦ ના રોજ રાત્રીના આઠ વાગે મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં મુંબઈના સમસ્ત જૈનોની જાહેર સભા મળી હતી. હોલ ચીકાર ભરાઈ ગયો હતો. સ્ત્રીઓ પણ સારી સંખ્યામાં હાજર હતી, તેમજ ત્રણે ફીરકાના આગેવાનો હાજર હતા, મુંબઈ પ્રાંતિક કોંગ્રેસ કમીટીના ઉપ-પ્રમુખ ડૉ૦ ચોકસી વીગેરે દેશનેતાઓ હાજર હતા. (શ્વે.) શેઠ છોટાલાલ પ્રેમજીની દરખાસ્તથી અને (દિગં.) શેઠ તારાચંદ નવલચંદના ટેકાથી માંડવી જીલ્લા મહાસભા સમિતિના પ્રમુખ તથા શ્રી સ્થાનકવાસી જૈન આગેવાન શેઠ વેલજી લખમશી નપ્પુને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું. પ્રમુખ મહાશયે આ લડતની પરિસ્થીતિનો સચોટ ખ્યાલ સાદી ભાષામાં આપ્યો હતો. લડતને પરીણામે જે નિર્ભયતા જનસમુદાયમાં આવી છે તેને માટે માટુંગામાં બનેલો પોલીસનો કિસ્સો જણાવ્યો હતો. કિસ્સાને લીધે માટુંગાના સઘળા ભાઈઓએ કોઈપણ સરકારી નોકર સાથે વહેવાર રાખવો નહિ, તેવો ઠરાવ કર્યો હતો. વેપારી એસોસીએશનો મહાત્મા ગાંધીજીની ગીરફતારી સંબંધમાં સરકારને શો જવાબ વાળવો તેનો વિચાર કરી રહી છે. ૩૭ જુદા જુદા મંડળના પ્રતિનિધીઓએ આજે કેટલાક ઠરાવો તે બાબતમાં કર્યા છે, વધારે પ્રયાસો ચાલુ છે. ત્યાર બાદ ભાઈ પરમાણંદે નિચેનો ઠરાવ પસાર કરવા માટે વાંચી સંભળાવ્યો હતો.

### ઠરાવ.

અહિંસા ધર્મના પરમ ઉદ્ધારક સન્ત શિરોમણિ મહાત્મા ગાંધીજીને ૧૮૨૭ ના કાળજુના કાયદા નીચે કેદ કરીને અત્યારે તેમણે પ્રવર્તાવેલ મહાન અહિંસાત્મક ધર્મ-યુધ્ધને અંગ્રેજ સરકારે હિંસાના જોખમમાં ઉતાર્યું છે, તે સામે મુંબઈમાં વસતા સમસ્ત જૈનોની આ સભા પોતાનો સખ્ત વિરોધ રજુ કરે છે.

દેશ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ અર્થે જે કાર્યક્રમ મહાત્મા ગાંધીજીએ દેશ સમક્ષ રજુ કર્યો છે તેને આ સભા માન્ય રાખે છે અને દેશની રાજકીય મુક્તિ સિવાય ધાર્મિક અને સામાજિક ઉદ્ધારની આશા નકામી છે, એમ સમજીને તથા અત્યારની લડતનો આખો કાર્યક્રમ અહિંસા અને સત્ય ઉપર રચાયલો છે એ ધ્યાનમાં લઈને આ સભા જૈન સમાજને આ લડતમાં પોતાથી બની શકે તેટલો ફાળો આપવા ખાસ આગ્રહ કરે છે.

આ પ્રસંગે જે જે જૈન બંધુઓ આ લડતમાં લડતાં કેદની શિક્ષા પામ્યા છે, તેમનું આ સભા અંતઃકરણપૂર્વક અભિનંદન કરે છે.

ઠરાવના સમર્થનમાં બોલતા ભાઈ પરમાણંદે જૈનોની આ લડતમાં વિશિષ્ઠ ફરજ છે તેનું સુચન કરી જણાવ્યું કે, સત્ય અને અહિંસા આ લડતનું મૂળ છે. સત્યાગ્રહનો અર્થ સત્ય પક્ષની સાથે સહકાર અને અસત્ પક્ષનો ત્યાગ, તેમાં ભાગ લેવો તે દરેક ધર્મિનું કર્તવ્ય છે આ લડતમાં ધર્મની પ્રગતિની ખાતર સાધુઓ પણ સક્રિય ભાગ લઈ શકે છે.

ત્યારબાદ **બહેન લીલાવતી મુનશી**:-આ યુદ્ધમાં જૈનો પણ સર્વ કરી છુટવા તૈયાર છે. આ વખતે જૈનોની માન્યતાને કે ધર્મને વાંધો આવે તેમ નથી. વસ્તુપાળ, તેજપાળ પુરા જૈનો હતા છતાં દુશ્મન સાથે શસ્ત્રોનું યુધ્ધ પણ કરતા. અંગ્રેજો રાજ્ય કરે છે તે હિન્દુસ્તાનના ખજાને ખાતર, જો આપણો એક પણ પૈસો વિલાયત ન જાય તો તે રોટો મુશ્કેલ પડશે.

ડૉ. ચોકસી:-હવે સરકારને આપણે હાથ જોડીને કહેવાની જરૂર નથી. કેમકે આપણે જઈને આપણા હાથે જેલના બારણા ખોલીને મહાત્મા ગાંધીજીને બહાર લાવવાના છે, તે સ્થિતિ કોન્ગ્રેસના પ્રોગ્રામો આદરવાથી થઈ શકશે. ગાંધીજીને પકડવાથી ચળવળ બંધ થશે એમ સરકારે માન્યું હશે પણ જ્યાં સુધી ૩૦ કરોડમાંથી નાનું બાળક રહેશે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. આ લડત જીતવાથી આખા જગતનું ભલું થશે, કારણ કે અહિંસાથી મેળવેલ જીત બીજી પ્રજાને માર્ગદર્શક કરવા લાયક બની રહેશે.

પંડીત સુખલાલજી:-ચાલુ લડતમાં જૈનો ન જોડાય તો તેમનું સ્થાન દેશમાં રહેશે નહિ. લડતમાં પહેલાં સાધુ પછી જૈનોનું સ્થાન છે સાધુએ જો સમાજના મુકુટ શીરોમણી મનાતું હોય તો પહેલી તકે તેમણે આ પ્રવૃત્તિમાં જોડાવું જોઈએ. સાધુઓને તકલી કાંતતા જરાકની વીરાધના થતી નથી. હવે ધર્મના નામે આળસુપણું ટાળી દેવાની જરૂર છે, અહિંસાનો તમામ સરવાળો ગાંધીજીએ પોતાના જીવનમાં ઉતારેલ છે. સાધુઓએ વૃત્તિસંક્ષેપ નથી કર્યો, ભોગ અને ભય સાથે જૈન ધર્મને કશો સંબંધ નથી, પણ ત્યાગ અને નિર્ભયતામાં જૈન ધર્મ છે. દેશસેવા માટે નૈવેદ્ય તરીકે જૈનો સુતર કાંતીને આપે.

પંડીત રાજમલજીના પ્રવચન બાદ-પંડીત આણંદજી બોલ્યા કે સને ૧૯૨૨ માં મહાત્માજીને છોડાવવામાં ફાળો આપણો નહોતો એ બાબતમાં શરમાવું જોઈએ માટે આ વખતે જૈનોએ આ લડતમાં પુરતો ફાળો આપવો જોઈએ.

આપણા સુધેહના અમલદારો ક્યાં છે, હું પુછું છું કે જો તમે સાચા જ સુધેહના અમલદાર હો તો સ્વયંસેવકો વીગેરે ઉપર જે અનાચાર થાય છે તે માટે કેમ બોલતા નથી. હવે જો તેઓ પોતાના ખેતાબો ન છોડે તો સમાજે તેનો બહિષ્કાર કરવો જોઈએ ત્યાર બાદ મોતીચંદ ભાઈએ વેપારી તરીકે જૈનોએ આ લડતમાં શું કરવું જોઈએ તે ઉપર ખાસ ભાર મુકી પ્રવચન કર્યું હતું.

બાદ કમળા બહેને સ્ત્રીઓને પીકેટરો તરીકે બહાર પડવા માટે અરજ ગુજારી હતી. પંડીત લાલને જણાવ્યું કે બીજા દેશો લડાઈમાં પોતાના જાનોનો ભોગ આપે છે ત્યારે તમે કપડાનો મોહ પણ છોડી શકતા નથી. માટે આપ બહિષ્કાર કરશો. ખાદરાકરની કવિતા ગવાઈ રહ્યા બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો પ્રમુખ મહાશયનો ઉપકાર માની વંદેમાતરમ્‌ના જયનાદો વચ્ચે સભા વિસર્જન થઈ હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# અહિંસાના ઉપાસકોને!

પ્રયાણના પ્રારંભકાળથી જેની આગાહી થઇ રહી હતી એ આખરે સત્ય રૂપમાં પરિણમી. સત્યના એ મહાન્ પૂજારીનું, અહિંસાના સાચા ઉપાસકનું અને જગત ભરની સર્વશ્રેષ્ઠ વિભૂતિનું તેજ ખમાઇ ન શકવાથી મહાત્મા ગાંધીજીને યરોડાની ચાર દિવાલો વચ્ચે રાખવાનો પુનઃ પ્રસંગ સરકારને નશિબે આવ્યો. આમ કરવાથી નોકરશાહીની ધારણા કેટલા અંશે ફળિભુત થાય છે, અગર સત્ય અને અહિંસાના પાયાપર ચણતર મંડાયલા સંગ્રામને કેવી રીતે ક્ષતિ પહોંચે છે એનો નિર્ણય કરવાનું ભવિષ્ય કાળના હાથમાં સોંપી આપણે વર્તમાનના અવલોકનમાં ઉંડા ઉતરીએ.

જેલ પ્રાપ્ત કરનારે સંતને જેલનું દુઃખ હોયજ ક્યાંથી? આ વેળા એમણે તો ગોળીના ઘા ખમવાનો નિરધાર કરેલો, આમ છતાં જનતાને માટે તેઓ શું કહી ગયા? તેઓ ધારત તો ભારતવર્ષમાં એવી હવા ફેલાવી શકત કે એમને પકડતા એ ભભકતી જ્વાળામાં ઘુસકો મારવા જેવું વિકટ કાર્ય થઇ પડત, પણ પ્રેમના કાર્યક્રમ રચનાર અને આત્મિક બળથી વિજય વરવાના અભિલાષીને એ ગમેજ શાનું?

એમને મન જનતા શાંતિ જાળવે એ મોટામાં મોટી જીત છે. તે સારૂ જતાં જતાં સંદેશો પણ એવોજ પાઠવી ગયા છે કે 'સંપૂર્ણ શાંતિ જાળવી, સુચવેલા માર્ગે દ્રઢતાથી પ્રયાણ ચાલુ રાખો. તેમની લડતનું સ્વરૂપ પ્રજાને ઉશ્કેરવામાં કે બળવો પેદા કરી સલતનતને ઘડીભર કામ કરતી થંભાવી દેવામાં નથી પણ આત્મબળનાં દર્શન કરાવી, જાતે કષ્ટોની હારમાળા સહન કરી, અરે હસતા મુખડે મૃત્યુને ભેટવું પડે તો ભેટી, કેવળ પ્રેમ માર્ગે ભલભલા જાલિમનું હૃદય પલટાવી વિજયની વરમાળા વરવામાં છે. દુનિયા જેને 'પોલીટીકલ મેટર' કહે છે તે ગાંધીજીની દ્રષ્ટિમાં શુદ્ધ અને ઉંચા પ્રકારની અપૂર્વ ધાર્મિક લડત છે, એટલેજ એના પરથી માત્ર હિંદભરના નહિં પણ સકળ વિશ્વના મનુષ્યોને ઘણું ઘણું શીખવાનું છે. એનું સ્વરૂપ કેવળ સંસારીઓને સમજવા જેવું છે એમ નથી પણ ત્યાગના પંથે વિચરી રહેલાને પણ અતિ ઉપયોગનું તેમાંથી સુપ્રમાણમાં મળે તેમ છે.

આપણે જરા સુરત-મુંબાઇમાં વિરાજતા સાધુ મહારાજ તરફ, તેમના તરફથી ધર્મના નામે, ત્યાગના નામે નિરંતર થતા ઉપદેશ સામે, અને સદૈવ તેનું પાન કરી રહેલ અને સ્વયં 'શાસનપ્રેમી'નો બિલ્લો ધારણ કરી રહેલ સમુદાય પ્રતિ નજર કરીશું તો સહજ માલમ પડશે કે ડગલે ને પગલે શાંતિના સ્થાને માત્ર ઝનુન અને ધર્માંધતાના સંસ્કાર ભરાઇ રહ્યા છે. દિન ઉગે સ્યાદ્વાદરૂપી પીયુષથી આકંઠ ભરેલા શાસ્ત્રોનું ચિંતન-મનન કરનાર અને પાંચ મહાવ્રત જેવી ઉત્તમ પ્રતિજ્ઞાના પાલનમાં જીવન વ્યતિત કરવા સારૂ સંસારની વિષજ્વાળાથી પરાંગમુખ બનનાર જરા સમભાવ સેવી સ્વકરણીનું ઉંડુ અવલોકન કરે તો આજે તેઓ કેવા વિષમ માર્ગે ચઢી રહ્યા છે તેનો અવશ્ય ભાસ થાય. પોતાના અનુયાયીઓને ધર્મના ખોટા ઝનુનના પાઠ પઢાવી ક્યાં લઇ જઇ રહ્યા છે તેનું સાચું ભાન આવે.

શું ધર્મ માત્ર બોલવામાં સમાઇ જાય છે? પોતાની 'હા' ન સ્વીકારનાર બધા અધર્મીઓ કહી નાંખવાથી અગર તેમના સામે સ્વેચ્છા મુજબ બકવાદ કર્યાથી શાસન પ્રત્યેનો અનુપમ પ્રેમ પુરવાર થઇ શકે છે? અગર તો હજુ પણ બાહ્યભાગના માર્ગે ચાલુ રાખી સાધુ જીવનના સુંદર વ્રતોને દુષણ લગાડવામાં આજ્ઞાધારકપણું મનાવવાનો ફાંકો રખાય છે?

સાચો ધર્મ બજાવવો હોય તો વિશ્વના ચોકમાં ઉભા રહો. લાખો ફોજના ભોગે તૈયાર થતઃ રેશમનું એક ચીંદડુ જૈન નામધારીના અંગ પર ન રહે એ સારૂ સતત ઉપદેશ આરંભી દો. માન્ચેસ્ટરની ચિંતા વિસારી દઇ તમારી આસપાસનુંજ વાતાવરણ શુદ્ધ કરો. વિલાયતી કાપડ કે સરખતી મલમલનો મોહ ઉતારી ખાદીના વસ્ત્રો ગ્રહણ કરો. તમારી સમક્ષ ધર્મ શ્રવણ અર્થે આવતાં પ્રત્યેક નરનારીને નિર્દોષ ખાદીના વસ્ત્ર પરિધાન કરવાના શપથ આપો. જેમ અભક્ષ્ય અનંતકાયના પચ્ચખાણ આપવામાં ધર્મ છે, તેમ ચરબીવાળા વસ્ત્રોનો ત્યાગ કરાવવામાં કે રેશમી વસ્ત્રોનો બહિષ્કાર કરાવવામાં અવશ્ય ધર્મ છે. પૂજ્ય મહારાજાઓ, આજે જૈનોને પરસ્પર ક્ષુદ્ર કલેશોમાં ભટકાવી મારવાના રહેવા દઇ સારાયે હિંદમાંથી દારૂને વિદાય કરી મૂકવાના કાર્યમાં મંડી પડો. તમારા જેવા પવિત્ર વેશધારીની અસર પીઠાના માલિક પર તેમજ પીવા આવનાર વ્યસનીઓ પર જરૂર પડશે. કદાચ અપમાન જેવું બનશે તોપણ આપ સરખા પરિષદ્ નેતાઓને તેથી શું ખોવાપણું છે?

[illegible] શ્રેષ્ઠત્વ પુરવાર કરવાનો જુગ ક્યારનોયે અસ્ત પામી ગયો છે. આતો આચરણથી સત્ય સાબિત કરવાનો કાળ આરંભાયો છે. ભલે મૂઠીભર ગાડરીયા ભક્તો આપ સાહેબોને કંકોત્રીઓમાં 'વાદીમદ ભંજક કે કવિકુલ કિરિટ કિંવા પ્રખર વક્તા'ના સંબોધને આલેખે સમજુ જનતા તો ઉંઘાડી આંખે જોઇ રહી છે કે આપ જેવા શ્રી વીરના અમુલ્ય વારસાને વરેલા આજે કેવળ એને વિતંડાવાદમાં ખરચી રહ્યા છો અને એ કિંમતી શાસ્ત્રોનો શસ્ત્ર રૂપે પ્રયોગ કરી રહ્યા છો. એને વિના વિલંબે કબુલવું પડે છે કે શ્રી શત્રુંજયના કેસમાં જે પરિણામ આવ્યું છે એ ઉપરથી નથી રહ્યું ચમત્કારિત્વ કે નથી સમજાયું આત્મત્વ. આમ સાચી દિશાના અભાવે ઉદાર તત્વોની પ્રાપ્તિ છતાં કોનાથી અજાણ્યો કે જગતનો રંચ માત્ર ઉપકાર સધાયો નથી. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ જેવી ઉમદા ભાવનાઓના પ્રણેતા શ્રી મહાવીર દેવના સિદ્ધાંતોમાંથી વાનકી રૂપ થોડુંક ગ્રહણ કરનાર મહાત્મા શ્રી ગાંધીજીના ચરણપર આજે આખું જગત મુગ્ધ બની રહ્યું છે, એમના આચરણ પ્રતિ મીંટ માંડી રહ્યું છે અને એમનો સંદેશો જીવનમાં ઉતારવા જે આતુરતાના વેગ ફરી વળ્યા છે અને એ દ્વારા જે પરિવર્તન થઇ રહ્યું છે એ સર્વનો અભ્યાસ કરતાં સહજ કહેવાઇ જાય છે કે અહિંસાના ઇજારદાર એવા આપણે ક્યાં ઉભા છીએ!

# પ્રતિષ્ઠા વખતે નારમાં થયેલો ખળભળાટ.

## અમદાવાદી મી૦ ચીમનલાલ કડીયાએ નારમાં મચાવેલું તોફાન.

પાટીદારોની પવિત્ર ભૂમિ નારમાં વૈશાખ શુદ ૬ ના દિવસે પ્રતિષ્ઠા હતી. નારથી તેની કંકોત્રી અમેના ખંભાતના સંઘ ઉપર આવી. રીવાજ મુજબ તે કંકોત્રી દેરાસરે ચોડવી જોઇએ, પણ શેઠ કસ્તુરભાઇ અમરચંદે ચોઢી નહીં અને દબાવી દીધી કારણ કે તેમને તો સોસાયટીવાળાનેજ નાર મોકલવા હતા. વળી સુખલાલ ખુબચંદ પ્રતિષ્ઠા અગાઉ ત્રણ દિવસ પહેલાં નાર ગયા અને સોસાયટી સિવાયના કોઇને તમારે બોલાવવા નહીં એમ સમજાવવા પ્રયત્ન કર્યો, પણ ત્યાં એમનો કોઇએ ભાવ પુછયો નહીં અને જણાવ્યું કે અહીં તોફાન કરાવ્યું તો સમજજો કે આતો પટેલો છે વાણીઆ ન હોય. સુખલાલ કાકા તો બિચારા વીલે મોઢે વગર નાણીયેરે ખંભાત પાછા આવ્યા. નારવાળાએ મેઘસૂરિ અને તેમના શિષ્યોને પણ નારમાં ધમાલ થાય તેવું વ્યાખ્યાન નહીં કરવા જણાવી દીધું. હવે પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવ્યો પણ ખંભાતથી કોઇ ગયું નહીં હોવાથી નારમાં ખબર પડી કે ખંભાતમાં કંકોત્રી ચોઢી નથી પણ શેઠે દબાવી દીધી છે એટલે નારથી ખંભાત જૈન યુવક સંઘ અને બીજા ત્રીસ આગેવાનો (પાંચે ન્યાતના શેઠો) ઉપર જુદી જુદી કંકોત્રીઓ મુકી; એટલે ખંભાતથી પાંચે ન્યાત મળી હજાર ઉપરની સંખ્યામાં માણસો નાર ઉતર્યા. ત્યાં પહોંચતાં તો ખબર પડી કે પેલા તોફાની ખારકસોમાં અગ્ર ભાગ લેનાર અમદાવાદની સોસાયટીના મંત્રી મી૦ ચીમનલાલ કડીઆ નારમાં સોસાયટી સ્થાપવા આવ્યા છે, પણ નારવાળાએ આ પ્રસંગે સોસાયટી કે યુવક સંઘ કંઇયે સ્થાપવા અમો ઇચ્છતા નથી એમ રોકડું પરખાવ્યું. મી૦ કડીઆની બાજી આમ ધૂળમાં મળવા લાગી અને ખારકે પૈસે સોસાયટીના ગાંસડા પોટલા બાંધી નાર આવનાર મી૦ કડીઆને વીલે મોઢે પાછા જવાનો પ્રસંગ આવ્યો એટલે તેમણે બીજી બાજુ ગોઠવી. શુદ ૬ ને રવિવારે પ્રતિષ્ઠાના દિવસે બપોરે સાડાચાર વાગે મેઘસૂરિને કહ્યું કે આપ વ્યાખ્યાન આપો અને અમો વ્યાખ્યાનમાં ભાષણ કરી સોસાયટીની સ્થાપના કરીએ; એટલે મેઘસૂરિ પણ સમજ્યા કે અહિં ધમાલ થશે જેથી પોતે ન જતાં પોતાના શિષ્ય મનોહરવિજયને વ્યાખ્યાન આપવા સભા મંડપમાં મોકલ્યા. આમ અચાનક બપોરે એક વાગે વ્યાખ્યાન આપવાનું સાંભળી લોકોમાં નવી હોહા થઇ. એક બાજુ શાન્તિ સ્નાત્ર અને બીજી બાજુ આ નામાંકિતોનું વ્યાખ્યાન ચાલ્યું. અડધો કલાક વ્યાખ્યાન ચાલ્યું ત્યાં તો મી૦ કડીઆ ઉભા થયા અને સોસાયટીની સ્થાપના કરવા માટે ભાષણ કર્યું, બંધારણ વાંચ્યું અને દરેકને ચાર આના ભરી દાખલ થવાનું જણાવ્યું; અને જે સાધુ અને જે જૈનોનો આ સોસાયટીમાં સહકાર નથી તેઓ સાચા સાધુ અને જૈનો નજ કહેવાય, તેઓ જીવતા કરતાં મરેલાજ છે, એમ સમજવું, તેમજ વિજયનેમીસુરીશ્વરજી તેમજ શ્રીમદ્ વિજયવલ્લભસુરીશ્વરજી તેમજ ઉત્તમવિજયજી ઉપર ટીકાથી આક્ષેપો કર્યા એટલે યુવકો ઉછળ્યા અને કડીઆ પાસે ખુલાસા માગવાની શરૂઆત થઇ અને હોહાકાર થયો અને મારામારી ઉપર વાત આવી, નારવાળા ભાઇઓ વચ્ચે પડ્યા અને અહિં શું મોઢું લઇને અમદાવાદથી સભાઓ ભરવા આવ્યા છો એમ બોલવાનું શરૂ કર્યું. અંતે અરધા કલાકની રસાકસી પછી નારવાળા ભાઇઓની અપૂર્વ મહેનતને લઇ ધમાલ શાંત પડી પણ પેલા ખંભાતની સોસાયટીવાળા પાઘડીધરો ક્યાંયે સંતાયા તે જણાયાજ નહિ. તોફાન થયા પછી વાતાવરણ શાંત બન્યું મી૦ કડીઆએ ભાષણમાં જણાવ્યું હતું કે હમણાં અહિંયા સોસાયટીમાં દાખલ થનારા મેમ્બરોના નામો નોંધાશે. તમે તમારૂં નામ નોંધાવશો પણ કોણ જાણે એ નામો લખાવાનું કહેનાર મી૦ કડીઆ ક્યાંયે ભરાયા કે જેનો પત્તોજ ન લાગ્યો. પણ શું કામ કડીઆ પાંછા પડે તેમ હતા? તેમણે અમદાવાદથી લાવેલ હેન્ડબીલો વહેંચવા ઉપર ત્રીજી બાજી ગોઠવી ત્યાં તો નારવાળા ભાઇઓએ રોકડું પરખાવ્યું કે આને અહિં કોને બોલાવ્યો છે અને જણાવ્યું કે તમારે અહિં કાંઇ પણ વહેંચવું કરવું નહિ, સોસાયટીની વાત સંભારવી નહિ. સીધા સીધા અમદાવાદ ચાલ્યા જાવ. નહિ તો આતો પટેલો છે. મી૦ કડીઆ તો આભાજ બન્યા. ગોઠવેલી બધી બાજી ઉંધી વળી ગઇ. અંતે સોસાયટીના ગાંસડા પોટલા બાંધી વીલે મોઢે લીલા તોરણે મી૦ કડીઆ અમદાવાદ સીધાવ્યા. સાંજના અમદાવાદવાળા શેઠ સકરાભાઇ લલ્લુભાઇ તરફથી નોકારશી હતી. સર્વે મેમાનો જમી પરવારી શાંતિથી વીદાય થયા છે. મી૦ કડીઆને આટલેથીજ નારમાં સાચી શીખામણ મળી હોય તો દાંભિક પ્રવૃત્તિ છોડી હૃદય પલટો કરશે ને?

ખંભાતી.

---

# દેશવિરતિના આમંત્રણનો સજ્જડ જવાબ.

—(૦)—

શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજના સ્વાગત સભ્યો જોગ,

મુ. સુરત.

જોગ શ્રી અમદાવાદથી લી૦ શકરાભાઇ લલ્લુભાઇના જયજીનેન્દ્ર વાંચશો. આપે મોકલેલ આમંત્રણ માટે આભારી છું. આપની આમંત્રણ પત્રિકા સાથે સંસ્થા સ્થાપન, ઉદ્દેશ નિવેદન વિગેરે મળ્યાં. વાંચી જોતા સંદરહુ સંસ્થાએ ક્રિયાને અગ્ર પદ આપેલુ અને જ્ઞાનને ગૌણ પદ આપ્યાનું લાગ્યું. શ્રી જીનેશ્વર ભગવાનના પ્રવચનો જ્ઞાનને મુખ્યપદ આપે છે, અને તેથીજ જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ એમ શાસ્ત્રકારો પોકાર કરી કરીને જણાવે છે, છતાં તમોએ મોકલેલ ઉદ્દેશનું રહસ્ય ક્રિયાનેજ શ્રેષ્ઠ ગણવાનું સમજાવવું હોય તેમ લાગે છે. જે સંસ્થા ક્રિયાનેજ વળગી તેને અગ્રપદ આપવા માગતી હોય અને જ્ઞાનને ગૌણ ગણતી કે ધારતી હોય તે ધર્મની કે સમાજની સેવા કરી શકે એમ હું માની શકતો નથી. આજુ જમાનો જુદુજ જોવા અને જાણવા માંગતો નજરે પડે છે. તે જ્ઞાન અને જ્ઞાનીનેજ નમન કરે છે અને તમારી સંસ્થાનું ધ્યેય તેથી વિરૂદ્ધ લાગે છે. તેથી દીલગીર છું કે આપની આમંત્રણ પત્રિકાને માન આપી શકતો નથી. મને જે સાચું લાગ્યું તે લખ્યું છે, તેથી માઠું લગાડશો નહી. આ સાથે આપની મોકલાવેલી આમંત્રણ પત્રિકા પાછી મોકલું છું.

લી૦ સંઘનો દાસાનુદાસ

શકરાભાઇ લલ્લુભાઇ

ના જયજીનેન્દ્ર વાંચશો.

# અપૂર્વ દીક્ષા મહોત્સવ.

## કોન્ફરન્સના ઠરાવ અન્વયે અપાએલ દીક્ષા. શ્રીમંતો અને કેળવાએલ વર્ગ અને યુવક વર્ગની આકર્ષક હાજરી.

વૈશાખ શુદિ ૧૧ ગુરૂવારના દિવસે મુંબઈમાં અગાઉથી યોગ્ય જાહેરાત થયા મુજબ દીક્ષા મહોત્સવ થયો હતો. મારવાડી વીશા ઓશવાળ જ્ઞાતિના એક બંધુ ટેકચંદ મગનીરામ જેઓ અતિશય ત્યાગવૃત્તિ ઘણા વખત થયા ધરાવતા હતા અને વ્રત, તપ, પચ્ચખાણ નિયમાદિથી સંસાર વિરક્તતા પોષી રહ્યા હતા તેમણે સદરહુ દિવસે પં:-શ્રી હિંમતવિમલજી ગણીના શિષ્ય શ્રી. હંસવિમલજી મહારાજશ્રીના હસ્તે શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. વરઘોડો ગુલાલવાડીમાંથી કાઢવામાં આવ્યો હતો અને વાવટા તોરણોથી રસ્તાઓ શણગારવામાં આવ્યા હતા. મુંબઈ જૈન સ્વયંસેવક મંડળનું બેન્ડ સુંદર સરોદે લોકોનાં દિલ રંજન કરી રહ્યું હતું. ગણ્યાગાંઠ્યા આગેવાનો શ્રીમાનો, કેળવાએલ વર્ગના સભ્યો, કોન્ફરન્સના રે. જનરલ સેક્રેટરીઓ, યુવક સંઘના સભ્યો અને ઓધ્ધેદારો વગેરેએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સુરત, અમદાવાદ, રાધનપુર, પાટણ-કચ્છ કાઠીયાવાડ વગેરે સ્થળોના આગેવાનોએ હાજરી આપી હતી. સાકરનાં પાણી વગેરે માટે ૨-૩ સજ્જનોએ વ્યવસ્થા કરી હતી. રસ્તે ચાલતાં જૈન શાસનની જય અને આચાર્ય શ્રી વલ્લભવિજયસુરિની જયના જયધ્વનિ કાને પડતા હતા.

ભાયખાળાના ભવ્ય દેરાસરજીના ચોગાનમાં આ ક્રિયા કરવાનું અગાઉથી જાહેર થયું હતું. તે મુજબ હજારોની મેદની વચ્ચે આ દીક્ષા આપવામાં આવી હતી અને બધા વર્ગના લોકો એટલી સંખ્યામાં હાજર થએલા તેનું મુખ્ય એકજ કારણ જણાતું હતું કે આ દીક્ષા યોગ્ય પાત્રને યોગ્ય રીતે આપવામાં આવી હતી.

ક્રીયાઓ વચ્ચે જે થોડો સમય મળ્યો હતો તે દરમ્યાન પં. લાલને વિવેચન કરતાં ત્યાગધર્મની ઉત્કૃષ્ટતા સમજાવતાં યોગ્ય દીક્ષાની હિમાયત કરી હતી. નસાડી ભગાડીને દીક્ષા આપવામાં આવે તે પીત્તળ ગણાય, શુધ્ધ સોનું સો ટચનું સોનું ન ગણાય, તેથી ધર્મની અવહેલના થાય. બાદ વીરચંદ પાનાચંદ શાહે જણાવ્યું કે સાધુઓએ દેશની આઝાદીની લડતમાં યોગ્ય ફાળો આપવો ઘટે.

ક્રીયા બહુ શાંતિથી સંપૂર્ણ થઇ હતી અને નવ દીક્ષિતનું નામ મુનિ મંગળવિમળજી રાખવામાં આવ્યું હતું.

બાદ વાસક્ષેપ અને ચોખા નવ દીક્ષિત ઉપર વરસાવતાં શેઠ છોટાલાલ પ્રેમજીએ જણાવ્યું કે દીક્ષાઓ આ રીતે અપાવી જોઇએ. દીક્ષા આ રીતે અપાય તો કોઇને વાંધો ન હોય. નસાડવા ભગાડવાના દિવસો હવે અસ્ત થયા છે. બાદ આગળ ચાલતાં જણાવ્યું કે આપણી કોન્ફરન્સ તે સમસ્ત હિંદના જૈનોની પ્રતિનિધિત્વ ધરાવનારી એકજ મહા સંસ્થા છે તે હિંદનો સંઘ ગણાય અને હું તેના સેક્રેટરી તરીકે આશે કે આપ્યા સંઘવતી આ ચોખા ચઢવું છું અને આશા રાખું છું કે નવ દીક્ષિત મુનિ મંગળવિમળજી પોતે અંગીકાર કરેલ ચારિત્ર દીપાવે. બાદ જયનાદો વચ્ચે સૌ વિખરાયા હતા.

## કોન્ફરન્સની દીક્ષાના ઠરાવને માન આપી રાધનપુરમાં ઉજવાયેલ દીક્ષા મહોત્સવ.

વૈશાખ સુદી ૬ ના રોજ સવારના સાડા દશે ભાઇશ્રી સાકળચંદને મુનિમહારાજ હિરવિજયના શિષ્ય ઉપાધ્યાયજી શ્રી કનકવિજયજી મહારાજે રાધનપુર જૈન સંઘની તેમજ ભાઇશ્રી સાકળચંદના સગા સંબંધીની અનુમતિથી તેમની હાજરીમાં ભાગવતી દીક્ષા આપેલ છે. વરઘોડાની તમામ વ્યવસ્થા રાધનપુર જૈન સ્વયંસેવક મંડળે બજાવી હતી. નવદીક્ષિત મુનિ સુભદ્રવિજયજી તેમના ગુરૂજી સાથે જેઠાસરમાં રાત રહી, સવારે જૈનશાળાએ પધારતાં શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી અને દીક્ષાને લગતું તમામ ખર્ચ નવદીક્ષિત તરફથીજ કરવામાં આવ્યું હતું નવદીક્ષિતની ઉમર વર્ષ ચાળીશની છે. રાધનપુર જૈન સંઘ ઇચ્છે છે કે નવદીક્ષિત મુનિનું ચારીત્ર ઉજ્વળ બનો અને શાસન જયવંતુ વર્તો.

---

## સુરતમાં જૈનોની જાહેર સભા.

સુરતમાં જૈનોની સભા ગયા રવીવારે તા૦ ૪-૫-૩૦ ના રોજ ડૉ. **અમીચંદ** છગનલાલ શાહના પ્રમુખપણા નીચે મળી હતી, તેમાં નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા મહાત્મા ગાંધીજીને અભિનંદન; ચાલુ લડતની ફતેહ; સરકારની ગેરકાયદેસર વલણ સામે વિરોધ; પંડીત જવાહીરલાલની ગીરફતારી માટે અભિનંદન તથા ના૦ વિઠ્ઠલભાઇ પટેલે પ્રમુખપદનો ત્યાગ કર્યો તે માટે; વિગેરે બાબતો પહેલા ઠરાવમાં પસાર કરવામાં આવી હતી.

ઠરાવ **બીજો**: સુરતના રહીશ શા. ઘેલાભાઇ અમીચંદની પુત્રવધુ બાઇ મંગળા બ્હેનની દીક્ષા એમના કુટુંબીઓની ઉપરવટ થઇ; થએલ એક્ય સમાધાન અને શાંતી તોડી દીક્ષા લેનારને ખોટી રીતે સમજાવી એકાએક દીક્ષા આપી દીધી છે. તો શ્રી સાગરજીના ખટપટી અને સાધુના વિરૂદ્ધ તે કાર્યને આ સભા સખ્ત રીતે વખોડી કાઢે છે અને તેવી ખટપટમાં દીક્ષા લેનાર કુટુંબીઓ તથા સગાસંબંધીઓ સામે નથી થયા તે તેમના સ્વમાનશીલ વર્તણુકી આ સભા કદર કરે છે.

**ભાવનગરના જૈન યુવકસંઘની પ્રવૃત્તિ**:-ગઇ તા૦ ૨૭ મીના રોજ સંઘના મેમ્બરો પગપાળા ઘોઘા જઇ સભા ભરી, સરઘસો કાઢ્યાં અને વિદેશી કાપડના બહિષ્કારનો ઉપદેશ આપ્યો હતો.

**લગ્નની અનુકરણીય પ્રવૃત્તિઓ**:-ભાવનગરના ઉંડી વખારના કરીઆણાના વેપારી શેઠ લક્ષ્મીચંદ પાનાચંદ શાહના ચી. ભાઇ રાયચંદના લગ્ન વૈશાક શુદી ૮ ના રોજ શુદ્ધ ખાદીમાં થયા છે, તેમજ ગારીઆધારમાં ભાઇશ્રી વિરચંદ પાનાચંદે પોતાની પુત્રી બેન શાન્તાના લગ્ન શુદ્ધ ખાદીમાં વૈશાક શુદી ત્રીજના રોજ જૈન વિધી પ્રમાણે તેમજ ઘણી સાદાઇથી કર્યાં છે, તેને માટે અમો તેમને અભિનંદન આપીએ છીએ.

---

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાથા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

**શ્રી વીરનાં સાચા સંતાન.** યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૧ મો. | સંવત ૧૯૮૬ ના વૈશાખ વદી ૭. તા૦ ૧૯-૫-૩૦ | છુટક નકલ : ૦ll આનો.

## રાષ્ટ્રીય ધર્મયુદ્ધ અને જૈન ત્યાગીઓ.

હિંદી રાષ્ટ્રીય મહાસભાએ મહાત્મા ગાંધીજીની સરસુખત્યારી નીચે શરૂ કરેલ ધર્મયુધ્ધમાં જૈન ત્યાગીઓ કાંઇ ફાળો આપી શકે કે કેમ એ સવાલ આજે સમસમી રહ્યો છે. જૈનો અને જૈન ત્યાગીઓએ દેશના કટોકટીના સમયે પોતાનો ધર્મ વિચાર્યો છે. દેશ અને ધર્મ પ્રત્યેની ફરજ હંમેશા અદા કરી છે અને તેમ કરીને રાષ્ટ્રમાં જૈનોનું ગૌરવ અખંડ રાખ્યું છે. શ્રી સીધ્ધસેન, દીવાકરજી, શ્રી હેમચંદ્રાચાર્ય અને શ્રી હીરસૂરી મહારાજ વગેરે અનેકાનેક જૈન ધર્માચાર્યો, જૈન મંત્રીઓ અને બીજા જૈન નરરત્નોના નામો ઇતીહાસમાં અમર થયાં છે ત્યારે આજે જ્યારે આખુંય રાષ્ટ્ર ઉત્થાનના પંથે પડ્યું છે, અહિંસા, સત્ય, અને શાંતિ એ એની સીદ્ધિના સાધનો છે. ત્યારે અહિંસા અને સત્યમાં સંપુર્ણપણે માનનાર અને તેનો ત્રીકરણ અમલ કરનાર અમારા જૈન ત્યાગીઓ આજે ક્યાં છે? શું કરે છે અને ક્યાં ઘોરે છે? જમીયત ઉલ ઉલેમા જેવી મુસ્લીમ ધર્મગુરૂઓની સંસ્થા, સમાજીષ્ટ બ્રહ્મચારીઓ, સન્યાસીઓ, શંકરાચાર્યો અને બૌદ્ધ ધર્મગુરૂઓએ આ લડતમાં ફાળો નોંધાવ્યો છે ત્યારે અમારો જૈન ત્યાગી સમાજ જાણે પોતાની આરતી રસાતાળ ગઇ હોય તેમ શાંત ચુપકીદી ધારણ કરી બેઠો છે. કેટલાક વેશધારી સાધ્વાભાસો તો ખાદી અને પુણ્યશ્લોક મહાત્માજીને નીંદે છે, ભાંડે છે. અમે તો રાગદ્વેષ છોડનારાઓ, દેશ કે વિદેશ અમારે મન સમાન છે, વિશ્વ એ અમારો દેશ છે એટલે ખાદી પહેરી પરદેશ પ્રત્યે દ્વેષ કેમ કેળવાય? આવું વાણી છળ રચે છે, અને લેંકેશાયર તેમજ મેન્ચેસ્ટરના મુલાયમ સરકતી મલમલમાં મહાલે છે અને અનેક વિદેશી વસ્તુઓનો ઉપયોગ કરે છે. એક તરફ વસુધૈવ કુટુંબકમ્‌ના બ્હાના તળે સુખશીલતાને પોષે છે ત્યારે બીજી તરફ અયોગ્ય દીક્ષાના નામે કરેમીભંતે એક કે ત્રણના બ્હાને ઇરીયાવહી પ્રથમ કે પછીના ઓઠે કલ્યાણક પાંચ કે છના છળે અને રહુવી, ચાર કે ત્રણના પડખાયે ઝગડાઓ પોષે છે, કલેષ, ઝેર, વેર, અને કુસંપની હોળીઓ સળગાવે છે. કેળવણીની, સમાજ સુધારણાની અને એમ બધીએ પ્રગતિવાન સંસ્થાઓને ઉખેડવા આંદોલનો કર્યા કરે છે અને છેવટે જૈન કોન્ફરન્સ જેવી અખીલ ભારત વર્ષીય જૈનોમાં પ્રાણ પ્રેરક સંસ્થાને પણ મિટાવવા મથે છે અને છતાં પોતાને જીતકષાય જીતેન્દ્રીય તરીકે ઓળખાવે છે, અને રાષ્ટ્રીય ઉત્થાનને તો સમજવા જેટલીએ તૈયારી, ત્યાગ કે અર્પણતા નથી. આજના ત્યાગીઓની મનોવૃત્તિ એટલી બધી સાંકડી થઇ ગઇ છે, માનસ અને વિચારશ્રેણી એટલી બધી સંકુચીત બની ગઇ છે કે રાષ્ટ્રીય વિકાસમાં એને ધાર્મિક ખીલવણી સમજતી નથી, ઉલટું એ વિકાસ ધર્મવિરોધી લાગે છે અને તેથી આ વર્ગ સમસ્ત દેશથી અટુલો અને એકલવાયો પડી ગયો છે અને અકર્મણ્ય બની દેશને નિરૂપયોગી હોય તેમ હોકે રાખે છે. ઘણીએ એવી વિશુદ્ધ પ્રવૃતિઓ છે કે જે આજનો ત્યાગી સમાજ શરૂ કરી શકે પોતાના દ્રષ્ટાંતથી સમાજમાં તેનો પ્રચાર પણ કરી શકે. ખાદી એ મુકાબલે ઓછામાં ઓછી હિંસાથી બનતું એ કાપડ છે, જ્યારે વિદેશી અને મીલોના કાપડમાં લાખો મણ ચરબીના વપરાશની વાત જાણીતી છે. આમ છતાં ખાદી ન પહેરીને અને તે પહેરવાનો ઉપદેશ બંધ કરીને અમારો ત્યાગી સમાજ પોતાનો દયાનો દાવો જુઠો પાડે છે. ઓગા માટે દશીઓ વણી શકાય, ચરવળીના દોરા બનાવી શકાય, પાતરાં રંગી શકાય, કપડા ધોઇ શકાય, ખોસી શકાય, પાટા અને કામળીની કોરોમાં ભરત ભરી શકાય, આ બધું બની શકે અને તેમાં પણ અમુક અંશે તો હીંસા તો છેજ તો પછી પોતાને જોઇએ તેટલા વસ્ત્રો પુરતું સુતર તકલીથી કેમ કાંતી ન શકાય તે સમજવું અઘરૂં છે. જૈન શાસ્ત્રોનો ઘણો ભાગ વ્યસન ત્યાગના ઉપદેશમાં રોકાયલો છે અને તે ઉપદેશ કરવાની એકે એક ત્યાગીની વિશુદ્ધ ફરજ છે. આજે દારૂનિષેધની પ્રવૃતિ દેશવ્યાપી બની છે તેમાં પણ અમારા ધર્મધુરંધરોનું અને શ્રમણી સમાજનો જરાએ ફાળો નથી એ જાણી કયો જૈન દુઃખ નહિ અનુભવે? યજ્ઞસ્થાનો પર હીંસાના સમારંભો પર જૈન ધર્માચાર્યો જતા અને હીંસા અટકાવતા એ હકીકતો શાસ્ત્રપ્રસિધ્ધ છે. આજે કરોડપતિઓની સુકુમાર સ્ત્રીઓ ધોમ તડકે દારૂનાં પીઠાંઓ પર કલાકો લગી ચોકી કરે છે અને અહીંસાનો જ્વલંત પુરાવો, વર્તનથી સાબીત કરે છે ત્યારે વ્યસન નિષેધના ઉપદેશ માટે ફરજથી બદ્ધ થયેલા અમારા મુનિઓ અને સાધ્વીજીઓ આલેશાન ઉપાશ્રયોમાં મહાલે છે. કોણ કમળાનહેરૂ, ઉર્મિલા, અનસુયા, લીલા, જાનકી બ્હેન અને વાસંતીદેવી જેવી સર્વ સાધનસંપન્ન વીર રમણીઓ વ્યસનની બજારે દયાની દેવીઓની માફક અહીંસાનો સંદેશો પ્રસારે છે ત્યારે અહીંસાનો ઇજારદાર અમારો ત્યાગી સમાજ ઘરખુણે ભરાઇ રહી માત્ર દયાની પોકળ વાતો કરે છે. ઇતિહાસ આ શરમ કથા લખશે ત્યારે જરૂનો સાક્ષી ભરશે. પ્રભુ અમારા ત્યાગી સમાજને ત્યાગના વિશુદ્ધ અર્થ અને કર્તવ્ય સમજાવે.

પંડિત આણંદજી દેવશી શાહ.

---

## પોપટલાલ શાહની સેવાઓ.

ભા. ગુલાબ મગનલાલ જણાવે છે કે:—

પોપટલાલ શાહ પુનામાં ઘણાં વર્ષોથી કામ કરી રહ્યા છે હાલમાં તેઓ ખેડુતોને પોતાની સેવાનો લાભ આપી રહ્યા છે હવેથી તાલુકાના ખેડુતોને હાલની ચળવળનું જ્ઞાન આપી તેમની પાસેથી લડતમાં તન, મન, ધનથી સહાય આપવાનું વચન મેળવી રહ્યા છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# શ્રી વીરનાં સાચા સંતાન.

શ્રી મહાવીર પોતે ક્ષત્રિય હતા એટલે તેમના પુત્રો તરિકે આપણે પણ એ ક્ષત્રિયત્વનો દાવો કરતાજ આવ્યા છીએ. વર્તમાન કાળ એ ક્ષાત્રતેજની આબાદ કસોટી કરી રહ્યો છે. ઇતરે સમાજોની માફક જૈન સમાજે પણ રાષ્ટ્ર ચરણે પોતાની સેવાઓ આપી છે. સફેદ દુધ જેવા ખાદીના સ્વચ્છ વસ્ત્રોથી સજ્જ થયેલી સત્યાગ્રહી સેનામાં અને પીળા કેશરીઆ પોષાક પરિધાન કરનાર સ્ત્રીસૈનિકોમાં જૈનોની સંખ્યા જોઇ ભાગ્યેજ એવો કોઇ અભાગી હશે કે જેને હર્ષની ઉર્મિઓ ન ઉઠતી હોય. આજે એ સેવા અર્પી રહેલ સંખ્યાથી તો આપણું મુખ ઉજ્વળ થયું છે. જૈનત્વના સાચા ઇતિહાસને અજવાળનાર ને જીવંત કરી બતાવનાર તેઓજ છે. વીરનો ધર્મ ભુતકાળમાં માંયકાંગલાઓનો હતોજ નહીં અને વર્તમાન કદિ પણ નથીજ. એનું સાચું ભાન કરાવનાર પ્રસંગ જો કોઇ પણ હોય તો આ ગાંધીજીની ચળવળ છે અને એમાં સંપૂર્ણપણે સાથ આપી જૈનોએ સ્વક્ષાત્રતેજ, સાથે સાથે સ્વજાતમાં પચાવી રાખેલ સાચી અહિંસકતા દેખાડી આપવા માંડી છે. સત્યાગ્રહના સુત્રને અપનાવી આજે તેઓ સિધ્ધાંતને તેમજ ઇતિહાસને યથાર્થ રૂપમાં નવેસરથી આલેખી રહેલા છે. જૈનો જેમ નાના જીવોની દયા પાળી શકે છે તેમ મોટા જીવો યાને માનવજાત પર પડી રહેલા અમાપ ત્રાસના નિવારણ અર્થે પણ કમ્મર કસી, દયાની વિશાળતાનો વાવટો ઉડાવવાની તકને નજીક લાવી શકે છે ટુંકમાં કહીએ તો સાચુ જૈનત્વ કેવળ લાંબી પહોળી વાતો કરવામાં કે આડંબરી દેખાવો કરવામાં નથી પણ જ્ઞાનપૂર્વક બાહ્ય અભ્યંતર શત્રુઓ સામે શાંતિપૂર્વક જીત મેળવવામાં છે તેથી એ સનાતન સત્યનો સાક્ષાત્કાર જનતાને કરાવવાનું શુભ કાર્ય સ્વાર્પણ દ્વારા પુરૂં પાડી રહેલ છે. આમ જ્યારે યુવાન લોહીનું વલણ દેશની હીલચાલમાં છે ત્યારે કેટલાક વિચાર વર્તનમાં બુઢ્ઢા છતાં, કૃત્રિમ પીંછ ધારણ કરી હંસ બનવાની વૃત્તિવાળા કાક સમ યુવાનપણાની મોઢાને દેશ સેવાની વાતો કરી રહેલા દ્રષ્ટિગોચર થાય છે. આ બધુઓ પોતાની જાતને શાસનના પ્રેમી તરિકે ઓળખાવવામાં ગર્વ માને છે છતાં એમનામાં શાસન પ્રેમની માત્રા કેટલા પ્રમાણમાં છે એનું તોલન સારીએ જનતા તેઓ તરફથી જુન્નેર, જામનગર, પાટણ, ખંભાત, સુરત અને મુંબઇ આદિ સ્થળે ભજવાયલા ફારસોથી યથાર્થ રીતે કરી મુકેલ છે. નિષ્પક્ષપણે કહ્યા સિવાય રહેવાતું નથી કે તેમને આજે શ્રી મહાવીર દેવના શાસન કરતાં રામ-સાગરના શાસનની વધારે પડી છે. પોતીકા પક્ષને જીતાવવાની આંધીમાં તેઓશ્રી વીરના ઉદારતા-ભર્યાં સિદ્ધાંતોનું ખુન કરતા પણ અચકાતા નથી! તેમને આજે પૂર્વાચાર્યોકૃત અસંખ્ય ગ્રંથો કે, જે ઉદ્ધારને અભાવે કીડાનો ભોગ બનતા જાય છે તેની પડી નથી પણ એથી ઉલ્ટું પોતાની બડાશી વિસ્તારવા જોડી કાઢેલા પેંફ્લેટોને ફરફરીયામાં નાણા ખરચવામાં ધર્મ માની બેસવાની ઘેલછા લાગુ થઇ છે. હજારો જૈનો ઉદ્યોગના અભાવે આજીવિકાના દુઃખોથી પીડાતા હોય તે તરફ બીની આંખ કરવાનો અવકાશ નથી અને એમ છતાં કેવળ ધામધુમના આડંબરને પોષતા હજુ શરમ નથી લાગતી! દેવદ્રવ્યને લગતા ગોટાળાભર્યાં હિસાબો પોતાના નામે છડેચોક બોલાતા હોવા છતાં એમાં ચોખવટ કરવાની જરા માત્ર વૃત્તિ નથી; એમ છતાં તેઓ શાસન ઉન્નતિને નામે પોકાર કરતાં શા સારૂ લાજતા નહીં હોય! શું આ દિના વેપારીમાં અનિતિના માર્ગે ઉપાર્જન કરેલ દ્રવ્ય હોવાથી તો તેનો આવો દુરૂપયોગ નહીં થતો હોય! જો ઠેર ઠેર કલેશોની આગો પ્રજ્વલિત કરનારા શાસનપ્રેમી કહેવાશે તો પછી સાચા પ્રેમીને અવશ્ય મૌન ગ્રહણ કરવુંજ પડવાનું. આતો 'નામ પાડે સુરજી જસુ, તે આંખે નહિં દેખે કસું' જેવો ઘાટ! આતો ધર્મના નામે સેવાતા આડંબરની વાત થઇ. તેઓ દેશ સેવામાં શું ફાળો આપી રહ્યા છે તે જાણો છો? જેમની જાતીમાં 'ખાદી પ્રવૃત્તિ' જેવી નિર્દોષ ચળવળને ટેકો આપવા જેટલું સામર્થ્ય નથી તે તે બીજું કયું લીલું કરવાના હતા? ક્યાં ગયા પેલા મુખડાવાળા પંડિતો? આનહીન નબિરાઓની કહેવાતી એ સેવાભાવી 'કોર' નો કોઇ સરઘસ કે સભામાં કેમ જોટો નથી થતો? શું મુનીહિમંસજી માત્ર બીરામની પાછળ કોર્ટના દાદરા ઠેકવા જવામાં સેવાની પુર્ણાહુતિ સમાઇ ગઇ છે? કોઇ જાપના લાલ બોલશે કે? ઘરની શુરવીરતા કિંવા બાહુતી વાજીંત્રોમાં ધર્મના ઓઠા તળે પોતાનો ભાર ન પૂછાવાથી ભાંડનૈઈ કરવા રૂપ ભવાઇ કરવામાં જરૂર શું વીરતા નથી એટલુંજ નહિં પણ વીરોચિત સાચુ શૌર્ય પણ નથી, નરી કાયરતા છે વીરના સાચા સંતાન હોવાની અભિલાષા હોય તો એ બધા ચાળા ચસકા મુકી દઇ, ખોટા માર્ગે કરવામાં આવતો ધનવ્યય છોડી દઇ, દેશના ગુંચવાયેલા કોકડાના ઉકેલમાં સાથ આપી આગળ વધો. આત્મશક્તિનું સાચું ભાન થયું હોય તો દોડી જાય ધરાસણા. આજે ત્યાં સાચા અનશનનાં દર્શન થઇ રહ્યાં છે. ઉપવાસ આદરી તમો પણ તે આદરો, આયંબીલને કે છઠ્ઠીને ઘણાએ ઉપવાસો કર્યાં હશે છતાં સમજપૂર્વકનો સંયમયુક્ત આ તપ જરૂર કરો. આ કંઇ આત્માની છુપી વાતો નથી પણ સોખંડના ગજા જેવા સાચા દર્શનનો યોગ છે. વીસમી સદીના સુદર્શન કે કાળિકાચાર્ય જરૂર માનજો કે ઉપાશ્રયમાંથી નહિં પણ આવા અહિંસક સંગ્રામ સ્થળોથી પાકવાના છે. સાંપડાની પોળના કે ઓશવાળ મહોલ્લાના વરઘોડા-સામૈયાની વાહ વાહ કે બોલબાલા આની આગળ સાગરમાં બિંદુ સમ છે.

અફસોસની વાત એટલીજ છે કે દેશમાં જ્યારે ચોમેર જાગૃતિના પુર ફરી વળ્યા છે અને ચૈતન્યના પગલા મંડાઇ રહ્યા છે ત્યારે જૈન સમાજનો એક કહેવાતો ધર્મિ વર્ગ લાખો જીવોના ભોગે તૈયાર થતું અપવિત્ર રેશમ તજવા પણ કમ્મર કસતો નથી. હજુ પણ મીલના ચરબીભર્યાં વસ્ત્રો વાપરી ધર્મની શૌભા વધારવાની વાતો કરે છે! દુર્ભાગ્યે સાચા ફકીરો નજરે જોવા છતાં હજુ એના વાગ્-બાવટાને પરખોડાના શોખ ઓછા થતા નથી. સંસાર અસારની વાતો કરનાર દિન ઉગે નવા કલહો ઉભા કરી કપાયની ચોકડીમાં ઉભો ખુંચે છે સત્યાગ્રહી જેવા શૌર્યની છાંટ સરખી ન હોવા છતાં પોપટની માફક કેવળ આત્મ-મુક્તિની વાતો રટી જવામાં હજુ તે પોતાને સાચો શાસન સેવક માને છે! જ્ઞાનને વિસારી કેવળ ક્રિયાથી ચાકરતા ધારણ કરી હજુ પણ તે ગરદન ઉંચી રાખવા યત્ન સેવે છે. વધુ આશ્ચર્ય તો એ છે કે સંસાર સાથે જરા પણ ન લેવાદેવાની વાતો કરનારા કેટલાક યતિ એજ સંસાર ને સરકારના કાયદાને પાળવા સારૂ ધર્મના કાનુનને પણ ઉંચે મુકતાં વિચાર કરતા નથી. આ કરતાં વધુ શોચનીય શું હોય? જૈન સમાજ, શ્રી વીરનાં સાચા સંતાન, હવે તો તું પ્રબુદ્ધ થા.

# સત્યાગ્રહી સૈનિકનો એક પત્ર.

આ પત્ર કલીકટમાં વસતા મારા મિત્ર નથુભાઇ પારેખના પુત્ર શ્રી૦ કાન્તિલાલનો છે. ભાઇ કાન્તિલાલની ઉમ્મર લગભગ વીશ વર્ષની છે. છેલ્લા નવ વર્ષથી સત્યાગ્રહ આશ્રમમાં તે જોડાએલ છે અને ગાંધીજીની સેનાના તે એક સૈનિક છે તેના પિતા એક આદર્શપરાયણ સહૃદય સજ્જન છે અને આ ઉપરાંત બીજા બે પુત્રોને પણ આ લડાઇમાં તેમણે અર્પ્યા છે ભાઇ કાન્તિલાલનાં માતુશ્રી કે દાદા હયાત નથી અને તેનાં મોટીમા દીકરાના દીકરાએ આ લડતમાં હોમાઇ રહ્યા છે તે વિષે કલ્પાંત કરે છે. આ સંબંધમાં ભાઇ કાન્તિલાલે પોતાની બહેન ઉપર એક પત્ર લખ્યો છે જેની નકલ મને મળતાં જૈન પ્રજા તે રસપૂર્વક વાંચશે એમ લાગવાથી પ્રકટ કરવો યોગ્ય ધાર્યો છે. ભાઇ કાન્તિલાલ શ્રી. અબ્બાસ તૈયબજી જે ટુકડી લઇને ધારસણાના અગર ઉપર ધાડ પાડવા નીકળ્યા હતા તેમાં સામેલ હતા અને સો સ્વયંસેવક સાથે તે પણ ત્રણ માસની સખ્ત કેદની શિક્ષા પામ્યા છે. પરમાનંદ.)

આટ, તા૦ ૨૮-૪-૩૦.

સુરજ બહેન,

તારો તથા રસીક ભાઇનો પત્ર પરમે મળ્યો દુઆના સમાચાર વાંચ્યા હરી ઇચ્છા એટલુંજ લખવું પ્રાપ્ત થાય છે; કચ્છમાં આ ચળવળમાં ગરવાગાંઠયા જે ભાગ લેતા હતા તેમનાં એક અગ્રેસરને પ્રભુએ ઉઠાવી લઇ કચ્છ ઉપર એના બદલે બીજા ઉભા કરવાનો ભાર નાંખ્યો છે એ ગયા તેથી કચ્છને તેમાંય જૈન સમાજને ખોટ પડવાનીજ.

હું નથી સમજી શકતો કે માને હજુ શું નથી સમતું પણ કલ્પી લઉં છું કે તેઓને અમે અહિં મરવા આવ્યા છીએ એમ લાગે છે અને એમનાથી સહેવાતું નથી આ કાગળ માને લખતો હોઉં એવુંજ લખાણ આવશે. મા હું તમને પુછું છું કે તમે એમ તો નથીજ માનતા ને કે અમારામાંથી કોઇ પણ અમર રહેવાનું છે? જો મરવાનાજ છીએ એ વાત ખરી હોય તો ગમે ત્યારે મરશું; તો જે દુઃખ થવાનું હશે તે થશેજ. અમે મરવાના અને દુઃખ થવાનું એ ચોક્કસ વાત છે. પણ અહિં તમને એકજ વાત મુંઝવતી હશે તે એ કે કદાચ અમે આ લડતમાં ખપી જઇએ તો તમારાં પહેલાં મરી જઇશું ગણાઇએ અને તમે એમ માની લીધેલું કે જો અહિં અમે આ લડતમાં ન જોડાઇએ તો તમારા પછી મરીએ મા એ કોણ જાણે છે કે કોણ ક્યારે મરવાનું છે? મરવાનું નક્કી કર્યું હશે ત્યારે કોઇ પણ રીતે માણસે મરવાનુંજ છે આપણે જો પ્રભુને માનતા હોઇએ તો એ ભય મનમાં ન લાવતાં દેશ માટે ગમે તે કરવું પડે તે કરવા તૈયાર થવું જોઇએ. એવો કોણ ભાગ્યશાળી હોય કે દેશ માટે મરી શકે એના માટે તો મહાવીરની તપશ્ચર્યા જોઇએ, દયા જોઇએ પણ મહાવીર જેટલી તપશ્ચર્યાને અભાવે દેશ માટે મરવાનું ન મળે તો ઘસાવાનું તો મળેજ અને આપણે જૈનોએ તો પરમાર્થ માટે મરી શીટવુંજ જોઇએ ત્યારેજ આપણો દયા ધર્મ અને અહિંસા સિદ્ધ થાય પણ મા, મારા આ એક કાગળથી તમે એ બોધું સમજી જવાના છો? જો સમજી જાઓ તો હું ધન્ય માનું મને, કારણ કે આજ કેટલાય દીવસથી ભવ પુજાપાઠ, તપ, ધ્યાન કર્યાં છતાં જે વસ્તુ જે ધર્મ તત્ત્વ તમે ન સમજી શક્યા તે હું સમજાવી શકયો. આજકાલ ધર્મને નામે ચાલતા ઢોંગથી જો જ્ઞાન આવતું હોત તો તેને કોઇ ઢોંગ પણ ન કહેત અને આટલું બધું અજ્ઞાન પણ દુનીયામાં ન વર્તાત. તમે અમને રજા આપો કે ન આપો અમારા અહિં આવવાથી તમે દુઃખી થાઓ કે ન થાઓ એનું મને દુઃખ નથી; પણ ભાભીને યાદ કરીને બાપાને યાદ કરીને જે દુઃખ તમે ભોગવો છો એથી મને જરા દુઃખ થાય છે. ભાભી યા બાપા હોત તો શું કરત તે તો જિન જાણે; પણ જેમ તમે માની લ્યો છો કે ભાભી અને બાપા હોત તો અમને અહિં ન મોકલત. તેમજ હું માનું છું કે ભાભી યા બાપા હોત તો તમે એક વચન પણ ન કહી શકત. ભાભી યા બાપાને, તમનેજ વહાલા છીએ પણ એ વાતજ જવા દઇએ; હોત તો યા ન હોત તો ન જોઇએ જે છે તેનીજ વાત કરીએ.

મા! તમને હું આજે જણાવી દઉં છું કે ભાએ અમને નથી આશ્રમમાં મોકલ્યા કે નથી અહિં લડતમાં મોકલ્યા એતો પ્રભુએજ કંઇક મને ૯ વર્ષપર આશ્રમમાં આવવા પ્રેરેલો હા, ભાએ રોકયો નહિં; પણ ઇચ્છા તો મારીજ હતી તેમજ જયંતી અને ઇન્દુનું. અને અહિં આવવા માટે પણ એમજ થયું છે. અને હવે તો અમે મોટા થયા. ભા રોકી પણ શી રીતે શકે? ભા રોકે તોય આ લડતની બાટલી પાસે રહી આશ્રમમાં આખી જીંદગી ગાળ્યા બાદ અમારાથી રહેવાય એવી સ્થિતિ; એવા શરીરના મોહી અમે નથી રહ્યા. જેમ તમારી ના છતાંય અમે અહિં આવ્યા છીએ તેમજ ભા ના પાડત તો પણ આવતે એ તમારે નક્કી સમજવું. જ્યાં આખો દેશ મરવા તૈયાર થયો છે ત્યાં અમે રહીએ કે? અમે તો પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ કે જો આ લડતમાં કોઇના ભોગ લેવાનો હો તો અમારો પહેલો ભોગ લઇ અમને મુક્ત કરજે પણ એવી અમારી તપશ્ચર્યા ક્યાં છે? એવાં અમારાં ભાગ્ય ક્યાં છે? નહિં તો જે બે ત્રણ મરણ નિપજ્યાં તેમાં અમારો વારો ન આવત? હજુ અમારો તો વાળ પણ વાંકો નથી થયો; ત્યાં તો મોટા મોટા વકીલો જેલમાં સિધાવ્યા. અનેક અમારાં જેવાં કુમળાં યુવાનોને માર પડયો, તેમજ પકડાયા, અને એ બધું કોના માટે? દેશને માટે, મા ખરી રીતે મારે લખવું જોઇએ કે અહિં વર્ષો ગાળી મેં તો મારા નવા જન્મપણો કર્યો છે. જો જયંતને માર પડે તો હું જોઇ રહું? જો મારાં કોઇ શીક્ષકને કેદ મળે તો હું ઘરમાં ભરાઇ રહું? ના હવે એ વાણીયાપણું મારામાં કે અમ ભાઇઓમાં નથી રહ્યું, બાયલાપણું જતું રહ્યું છે, અને તમારા પુત્રો વાણીયા મટી ક્ષત્રીઓ અહિંસક ક્ષત્રીઓ થયા છે. મારીને જીતનાર નહિં પણ મરીને જીતનાર ક્ષત્રીઓ થયા છે. જો તેમના મા તમારે રહેવું હોય તો એક વીર માતાને છાજે તેવા આશીર્વાદ મોકલો કે તેઓ મરે તોય તમારા આશીષ લઇને મરે. જો એમના માટે કંઇ લાગતું હોય તો એમની જીત થાય તેવું કંઇક કરો. ખાદી પહેરો, રંગીન ખાદી ન મળતી હોય તો ધોળાં પહેરો. ધોળાં પહેરે કંઇ તમારા વૈધવ્યમાં ખામી નથી આવવાની ધોળું તો પવિત્રતાની નિશાની છે. પણ તેટલું તો લોકનિંદાના ભયે તમે કરશો નહિં; દેશને ખાતર અરે દેશ શું પણ પુત્રોની ખાતર ખાદી પહેરતાં લોકનિંદા સાંભળવા તૈયાર નથી? અને આ આત્મશુદ્ધિની લડતમાંથી ખેંચી લઇ જવા બનાવી અમને બંગડી પહેરાવવી હશે, ત્યાં એ ખુણામાં બેઇ તમે શું જાણો? અહિં તો હજારો બહેનો પણ અમારી સાથે ભીડું લેવા આવી સરકારી અમલદાર પાસે જેલની માંગણી કરે છે.

સુરજની અહિં આવી લડતમાં જોડાવાની ઇચ્છા છે. મને તો પ્રસંગ મળ્યે તેને પણ બોલાવવાની ઇચ્છા છે પ્રસંગની શોધમાં પણ છું. જો સુરજ પણ અહિં આવે ત્યારે તમને તો શું થાય. મારી તો વિનંતી છે કે તમે અને સુરજ અહિં આવો જોઇ જાઓ કે અહિં શું છે. પછી સુરજ ભલે અહિં રહે. તમારાંમાંયે જિનવસે અને રહેવાનું સ્ફુરે તો તમેએ રહી પડો, અને નહિં તો એકલાં પાછાં જાઓ. આ કાગળ મારે અનિચ્છાએ લખવો પડયો છે. બાંના કાગળથી અને મેં સુરજ ઉપર લખેલા કાગળથી તમે શાન્ત થયા હશો એમ માનેલું, પણ છેલ્લા સુરજના કાગળથી જણાય છે કે તમે તો અશાન્તજ છો; એટલે પછી આ પત્ર લખ્યો એમાં જરા પણ વધારો પડતું હોય તો માફ કરશો. સુરજ! તારી પાસે વિદેશી વસ્ત્ર છે તે હું જાણુતોજ હતો, પણ જો તારાથી ન બળાય તો ભલે પડયા સડે, પણ આજે ભાર દઇને લખું છું કે તું બનતી ઉતાવળે ખાદી પહેર. આખા કચ્છની નિંદા ખમીને જો સાદીજ પહેરે તો સાદી, પણ ખાદીનીજ પહેર એવી મારી ઉમેદ છે. હું હાલ ત્યાં તો તને તેડવા ન આવી શકું પણ જો તું સથવારો સાથે મુંબઇ આવ, તો જરૂર તને મુંબઈ લેવા આવી અહિં સ્વયંસેવીકાનું કામ સોંપાશું. તને સ્વયંસેવીકા જોઇ હું કેટલો ગજી થાઉં તથા સાંભળીને બાં કેટલા રાજી થાય તે હું લખી શકતો નથી. તને ખાદી માટે જો તારા સાસુ સસરા રોકતા હોય તો હું તેમના પર પણ પત્ર લખવા તૈયાર છું. અને ખાદી તે પણ બહુ બારીક નહિં. હમણાં ખાદીનીજ તાણ છે, ત્યાં તને બારીક તો કયાંથીજ મળે? જો તારી હિંમત ચાલતી હોય તો આનો ઉત્તર તો મને ખાદીનાજ ઘાઘરા પોલકાં પહેરીને લખજે. સાડી માટે કાપડ હાલ ત્યાં નજ હોય તો મળ્યે તુરત પહેરજે, આટલું થશે? ફરી એકવાર કહું છું કે તારાં વિદેશી કપડાંની પરવા ન કરતાં પેટીમાં સડવા દેજે, અને જો હિંમત હોય તો એ પાપને બાળીજ નાંખજે, કે ફરી કદી પહેરવાનો વારોજ ન આવે.

લી૦ તને ખાદીધારી ઇચ્છતો તારોજ
કાન્તિ.

# જાહેર ચેતવણી.

શ્રી ઘાટકોપરના મૂર્તિપૂજક જૈન સંઘના સેવકોના નામે વગર સહીના નામથી જે હેન્ડબીલ બહાર પાડવામાં આવ્યું છે તેની સામે ઘાટકોપરમાં વસતા સઘળા જૈનો સંમત નથી.

સમસ્ત સંઘની કોઇ પણ મીટીંગ મેળવી સંઘની રજા મેળવ્યા સીવાય કોઇ પણ વ્યકિત કે વ્યકિતઓએ કહેવાતા જૈન સાધુ રામવિજય વીગેરેને ઘાટકોપરમાં આવવાનું આમંત્રણ આપ્યું હોય તો તે આમંત્રણ સમસ્ત સંઘ તરફનું નથીજ તેમ આ જાહેર ચેતવણીથી સમજવું.

આ કહેવાતા જૈન સાધુ રામવીજય આદી મંડળીના પરાક્રમો જગમશહુર છે—**જૈન કોન્ફરન્સને દફનાવનાર! તેના પ્રેસીડન્ટ શેઠ રવજીભાઇ સોજપાળ તરફથી મુકાયેલા ઠરાવોનું તેરમું કરનાર!** તથા જૈન કોમમાં કુસંપના બીજ વાવનાર આવા સાધુ મંડળનો સદંતર બહીષ્કાર કરવાની ઘાટકોપરના સર્વે જૈન ભાઇ-બહેનોને નમ્ર વિનંતિ કરવામાં આવે છે. લી૦,

**શ્રી ઘાટકોપરમાં વસતા મૂર્તિપૂજક જૈન સંઘના સભ્યો.**

## સુરત સંમેલન ઉપરના તારના સંદેશાની પોકળતા.

### ભીંયાગામ સેવાસંઘની સભાના ઠરાવો.

(૧) સમાજના અધિવેશનની સફળતા ઇચ્છનારો જે સંદેશો ભીંઆગામના શ્રી સંઘના નામે અત્રેના શેઠ નેમચંદભાઇ પીતાંબરદાસે અધિવેશનના પ્રમુખ ઉપર મોકલાવેલો તે અહિંના સંઘની બેઠક મેળવી પરવાનગી લીધા સિવાય મોકલ્યો હોવાથી તે તેમનો અંગત સંદેશો છે, એમ અમે માનીએ છીએ અને એમણે સંદેશાદ્વારા જણાવેલી સહાનુભૂતિમાં અમારો હિસ્સો નથી એમ ભીંઆગામ જૈન સેવાસંઘની આ સભા જાહેર કરે છે તેમજ હવે પછી સંઘના નામે સંઘની રીતસર મંજુરી લીધા સિવાય તેનાં નામે કંઇપણ પત્રવ્યવહાર યા સંદેશા નહિ ચલાવવા આ સભા શ્રીમાન શેઠ સાહેબ નેમચંદભાઇને ભલામણ કરે છે.

# દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

**જૈન સત્યાગ્રહીઓના વધુ નામો.**

૮૬ શ્રી વીરજી લાધા શાહ
૮૭ ,, હંસરાજ લાલજી શાહ
૮૮ ,, શામળજી તારાચંદ શાહ
૮૯ ,, મેઘજી ખીમજી શાહ
૯૦ ,, દામજી હીરજી મૈશેરી
૯૧ ,, જેઠાભાઇ નાગજી શાહ
૯૨ ,, જીવરાજ મુલજી શેસર
૯૩ ,, કેશવજી મેઘજી મોમાયા
૯૪ ,, નેણજી નાગશી તારવાળા
૯૫ ,, પ્રાણલાલ નાનચંદ
૯૬ ,, ફુલચંદ તારાચંદ
૯૭ ,, લીલાધર એલ. શાહ
૯૮ ,, લખમીચંદ વીરજી લાપસીઆ
૯૯ ,, ચત્રભુજ ધનજી
૧૦૦ ,, કુંવરજી હરખચંદ પીર
૧૦૧ ,, ગોવીંદજી નાગશી પોલડીઆ
૧૦૨ ,, કલ્યાણજી ભાણજી છેડા
૧૦૩ ,, જીવરાજ મેઘજી દાસ
૧૦૪ ,, પોપટલાલ જેતશી
૧૦૫ ,, ખીમજી જીવરાજ
૧૦૬ ,, દામજી કાનજી નાગડા
૧૦૭ ,, ખીમજી ત્રીકમજી
૧૦૮ ,, નરશી કલ્યાણજી
૧૦૯ ,, ગોવીંદજી ખીમજી

[ વધુ નામો આવતા અંકમાં. ]

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગામા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબાઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

વ્યાપારી આલમ સત્યાગ્રહને માર્ગે યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૨ મો. | સંવત ૧૯૮૬ ના વૈશાખ વદી ૧૩. તા૦ ૨૬-૫-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## પાટણ જૈન યુવક સંઘ વાર્ષિક મહોત્સવ.

શ્રી પાટણ જૈન યુવક સંઘનો વાર્ષિક મેળાવડો (વૈશાક વદી ૮) ના રોજ બાબુસાહેબ દોલતચંદજી અમીચંદજીના પ્રમુખપણા નીચે રાતના આઠ વાગે શ્રી પંચાસરાજીના ભવ્ય મેદાનમાં ઉજવાયો હતો. ભાઈઓ અને બહેનો મળી લગભગ ૧૫૦૦ની હાજરી હતી. પ્રમુખશ્રી બાબુસાહેબ શેઠ દોલતચંદજી અમીચંદજીએ નીચે મુજબ ભાષણ કર્યું હતું.

**સુજ્ઞ બંધુઓ અને બહેનો!**

આજે જગતના ઇતિહાસમાં યુવાનો મોખરે ઉભેલા છે. સામાજીક સુધારણામાં બળવો તો યુવાનોનો. દેશની આઝાદ લડતમાં મોરખરી તો યુવાનોની. બલિદાન-યજ્ઞમાં લોહીનાં અર્પણ તો-યુવાનોના. ટુંકામાં આજે સમસ્ત વિશ્વમાં યુવાનો, રાષ્ટ્ર, સમાજ અને બીજી સંસ્થાઓના પ્રાણપ્રેરક આત્માઓ બનેલા છે.

આજનો યુવાન એકસંપી, એકદીલી અને વિશ્વકલ્યાણની ભાવના પર પહેલાં દૃષ્ટિ દોડાવશે. આજના યુવાનને સડેલા રાજ્ય વહીવટો નહીં ગમે. આજનો યુવાન જીર્ણ થઈ ગયેલા સામાજીક વહેવારો નિભાવી લેવા તૈયાર નહીં થાય. આજનો યુવાન આપખુદી અને અંધસરમુખત્યારીને લેશ પણ નહીં નમે. ધાર્મિકતાના દંભ પાછળ ખેલાતા તમાસાઓ ખુલ્લા કરવામાં આજનો યુવાન પોતાનું કર્તવ્ય માનશે. યુવાનોની આ સક્રિય ક્રાંતિને દાબી દેવા માટે રૂઢીપૂજકો ગમે તેવા નાટકો ભજવે, ગમે તેટલી બુમો પાડે અને ગમે તેટલો ડર બતાવે, પણ આજના યુવાનને એવી ધમકીઓ પર પરવા રાખવી પોષાય તેમ નથી.

આ યુવક સંઘ તે યુવાનોના સહકારથી તૈયાર થયેલું એક કાર્યક્ષેત્ર છે. એ કાર્યક્ષેત્રના કાર્યવાહકો, યુવાનોની સક્રિય ક્રાંતિનો પ્રત્યક્ષ પુરાવો જનતાને બતાવે. અંતરકલેશોથી અળગા રહી, સામાજીક ઉત્થાનનો નાદ ઝીલે. સમાજમાં ઘુસેલા વહેમો અને પર્યાળ રિવાજો, ડોળઘાલ રૂઢીબંધનો, લગ્ન-પ્રસંગની કેટલીક શિથિલતાઓ અને પુરાણપ્રેમીઓએ ફસાવેલી અંધશ્રદ્ધાઓ વિગેરે વિનાશક તત્વોનો ધ્વંસ કરી સમાજમાં સુંદર અને બળવાન તત્વોનો પ્રચાર કરવા માટે સંસ્થાને તૈયાર કરે.

આજે ભારતવર્ષમાં મુક્તિસંગ્રામની રણહાક વાગી રહી છે. સારાયે દેશમાં સ્વાતંત્ર્ય મેળવવાની તમન્ના પ્રગટી છે. આઝાદી માટે અનેક દેશવીરો પોતાના જીવન-બલિદાન અર્પણ કરી રહ્યા છે. આવા જાગૃતિના ઉદયકાળમાં આપણો જૈન-સમાજ જો સોડ તાણીને સુતોજ રહેશે, તો પૂર્વના ચોરેલા કલંકો સજ્જડ થશે, અને એ કલંક ધોવાની અણમૂલ તક ફરી પ્રાપ્ત નહિ થાય. પૂર્વે દેશની આઝાદી માટે અનેક જૈનોએ પોતાના આત્મભોગ આપ્યાની કથાઓ ઇતિહાસમાં મોજુદ છે. અને આજનો ઇતિહાસ પણ તમારી પાસે આત્મભોગની, દેશસેવાની અને માનવકલ્યાણની ભીખ માગે છે. ત્યારે તમે શો જવાબ આપશો? રાષ્ટ્રના પ્રશ્નને જતો કરશો તો યુવાનો તરિકે રહેવાનો અધિકાર તમારા માટે નહીં રહે.

વિશેષ મારે શું કહેવાનું હતું? તમે હવે જડ પ્રશ્નોમાં ન ગુંચળાતા ચેતનવંત પ્રશ્નોને હાથમાં લ્યો. સમાજ, દેશ અને ધર્મના ઉદ્ધાર માટે સહુ કટીબદ્ધ થાઓ, શુદ્ધિ, જ્ઞાતિ-સંગઠન, ધર્મ પ્રભાવના અને ઐક્યના પ્રચાર માટે તનતોડ પ્રયત્ન કરો.

છેવટે પરમકૃપાળુ શાસન દેવ સમસ્ત વિશ્વનું કલ્યાણ કરે અને યુવાનોના હૃદયમાં ધર્મ-સમાજ રાષ્ટ્રના ઉત્થાનની ધગશ પ્રેરે એજ શુભેચ્છા. ॐ શાન્તિ.

બાદ મેળાવડામાં ભાઈ ફુલચંદ મણીયાર, જેશીંગલાલ પુનમચંદ, ભાઇ ચીમનલાલ સંઘવી, કેસવલાલ મંગળચંદ, તારાચંદ ભીખાચંદ મણીલાલ ગભરૂ, અને અમીચંદ ખેમચંદે રાષ્ટ્ર હીલચાલ અને આપણું કર્તવ્ય તથા જૈન સમાજની સ્થિતિ તેમાં શુદ્ધિ, સંગઠન, આર્થિક સિદ્ધાંત ઉપર વિવેચનો થયાં હતાં. બાદ લગભગ અગીઆર વાગે મેળાવડો વિસર્જન થયો હતો.

તા૦ ૨૦-૫-૩૦

---

## દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

### જૈન સત્યાગ્રહીઓના વધુ નામો.

૧૧૦ શ્રી. ગાંગજી વેલજી જોધા
૧૧૧ ,, હીરજી કેશવજી મહેશરી
૧૧૨ ,, આંપશી લધા લોડાયા
૧૧૩ ,, ડુંગરશી ડુમરા
૧૧૪ ,, નાનજી પ્રેમજી દેવજી
૧૧૫ ,, દેવજી લખમશી ગોગરી
૧૧૬ ,, હંસરાજ દેવરાજ શાહ
૧૧૭ ,, લાલજી હરસીંહ લાલન
૧૧૮ ,, કાકુભાઈ જીવરાજ
૧૧૯ ,, જેઠુ નાનજી શાહ
૧૨૦ ,, મેઘજી હંસરાજ
૧૨૧ ,, માવજી ભવાનજી શાહ
૧૨૨ ,, ખીમજી મોનજી સંઘવી
૧૨૩ ,, કીરચંદભાઈ શીવલાલ કોઠારી
૧૨૪ ,, મણીલાલ ત્રીભોવનદાસ શાહ

[ વધુ નામો આવતા અંકમાં. ]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# વ્યાપારી આલમ સત્યાગ્રહના માર્ગે.

મુંબઈમાં તા. ૨૩-૫-૩૦ ના રોજ વ્યાપારી આલમે યોગ્ય અવસર ઉપસ્થિત થયે કેમ સત્યાગ્રહ કરી શકાય છે અને તેમાં કેવી રીતે સફળતા મળે છે તેનું અપૂર્વ દૃષ્ટાન્ત પૂરૂં પાડયું છે. તે દિવસે નિકળેલા વેપારી જનતાના પ્રચંડ સરઘસને બોરીબંદર પાસે શી રીતે રોકવામાં આવ્યું-લોકો કેવી રીતે દૃઢ આગ્રહ પકડી ત્રણ કલાક સુધી રસ્તા વચ્ચે પુરી ધીરજ અને શાન્તિપૂર્વક બેસી રહ્યા અને છેવટે પોલીસ કમીશનરે આવી વિષમ પરિસ્થિતિનો વિચાર કરીને પોતાનો દુરાગ્રહ છોડયો અને આખું સરઘસ ધારેલા માર્ગે જઈ શક્યું એની વિગત છાપા વાંચનારા સૌ કોઈ જાણતું હશે. આ આખા પ્રસંગ ઉપરથી આપણને ધ્યાનમાં લેવા જેવા કેટલાક અગત્યના મુદ્દાઓ મળે છે.

ખરી રીતે જે મંડળ તરફથી આ સરઘસની યોજના થઇ હતી તેમણે પોલીસ કમીશનરનો હુકમ મળ્યા બાદ વિરોધ દર્શાવવા ખાતર આ સરઘસ મુલતવી રાખવાનો ઠરાવ કર્યો હતો. પોલીસના હુકમનો વ્યાપારીઓનું સરઘસ અનાદર કરવા જેટલી હિંમત તથા તાકાત બતાવશે એ તો તેમની કલ્પનામાં પણ ન હતું. સરઘસ નહિ કાઢવાની સૂચનાનો સૌ કોઇએ ઇનકાર કર્યો અને 'આપણને કોઇના જાહેર રસ્તા ઉપર કેમ જવા નહિ દે?' એવા મક્કમ વિચારપૂર્વક સૌ કોઇ સરઘસના આકારમાં આગળ ચાલ્યા અને પોલીસની દીવાલ સ્વતઃ તુટી ગઇ. આ શું સૂચવે છે? જે હિંમત આગેવાનોમાં નથી તે અનુયાયીઓમાં આવી ગઇ છે. જે પ્રશ્ન નેતાઓને મુંઝવે છે તેનો જવાબ આમ પ્રજા આગળ સ્પષ્ટજ હોય છે અને તે પ્રમાણે વર્તવામાં આગેવાનના આગળ ચાલવાની તેઓ ઘડીભર રાહ જોવા તૈયાર નથી. અત્યારની આખી લડત પ્રજા કરતાં પણ નાના મોટા આગેવાનોની ભારે કસોટિ કરનાર છે. જેનામાં નિડરતા ન હોય, હિંમત ન હોય, લોકશક્તિને પારખવાની શક્તિ ન હોય તેણે આગેવાનીની જવાબદારીમાંથી ખસી જવું. આજે લોકોમાં અપૂર્વ સાહસ અને શૌર્યનો જન્મ થઇ ગયો છે, તેને ઝીલનાર અને યોગ્ય માર્ગે દોરનાર સાચા નેતાઓ કોણ અને કેટલા છે તેજ ખરી ચિન્તાનો વિષય છે.

બીજો મુદ્દો લોકચિત્તમાં અધીરાઇ-ઉચ્છૃંખલતા-મારામારીની વૃત્તિઓની જગ્યાએ ધીરજ-સંયમ-સહિષ્ણુતા અને અહિંસાની વૃત્તિએ જે સ્થાન લીધું છે, લોકોમાં જે સાચી સમજણ આવી ગઇ છે તેને લગતો છે. જે શાન્તિ અને સમતાનું પ્રસ્તુત પ્રસંગે આપણને દર્શન થયું છે તે સર્વત્ર ફેલાવી દેવી અને ગમે તેવા ઉશ્કેરણી કે ત્રાસના પ્રસંગે ટેક જાળવવી અને તે જાળવતાં માથે આવી પડે તેની સામે થયા સિવાય પુરી શાન્તિથી સહેવું-એ પાઠ આપણી પ્રજાના માનસમાં જેટલો જલ્દિથી જડાઇ જાય તેટલી આપણા રાજકીય યુધ્ધની સફળતા નિશ્ચિત અને સમીપ છે એ વિષે આટલા અનુભવ બાદ હવે બે મત હોવાનો સંભવ નથી.

ઉપરી અધિકારી પણ જ્યારે કરેલી ભૂલનું ભાન થયે સુધારી લેવાની હીંમત દાખવે છે ત્યારે મોટી આફતમાંથી રાજ્ય તેમજ પ્રજા ઉગરી જાય છે. પોલીસ કમીશનર પાસે આવી ગંભીર પરિસ્થિતિ ઉત્પન્ન કર્યા બાદ બેજ વિકલ્પ રહ્યા હતા. કાંતો એકઠી થયેલી જનતાના સાગર ઉપર પાશવી આક્રમણ કરી બધાને વિખેરી નાંખવા અથવા તો અન્યાયી અને અપમાનભર્યા હુકમને મુગે મોઢે પાછો ખેંચી લેવો. જો પહેલો વિકલ્પ સ્વીકાર્યો હત તો કયા કયા ભયંકર પરિણામો નિપજત તેની કલ્પના કરવી મુશ્કેલ છે. એ હુકમ પાછો ખેંચીને ખરી રીતે સરકાર પોતેજ મોટી આફતમાંથી બચી છે. આવું ડહાપણ જો બધે દર્શાવવામાં આવ્યું હોત તો કાયદા અને વ્યવસ્થાના નામે આજે સર્વત્ર અત્યાચારનું જે સામ્રાજ્ય જામ્યું છે અને સરકાર કેવળ અપ્રિતિ અને તિરસ્કારનો વિષય બની રહેલ છે તેમ બનવા ન પામત અને સરકાર ગૌરવપૂર્વક પ્રજાને સ્વાતંત્ર્યના માર્ગે દોરી શકત.

વ્યાપારીઓનો અપૂર્વ ઉત્સાહ અત્યારની આખી લડતનો વિશેષ રંગ છે. જે વ્યાપારીઓને આ અશાન્તિ ફેલાવનારી રાજકીય લડતના પરિણામે તાત્કાલિક નુકશાન ખમવાનું છે, તેઓ આજ આવો અણધાર્યો અણકલ્પ્યો સહકાર કેમ આપી રહ્યા છે? કારણ કે તેઓમાં પાકી સમજણ ઉગી છે કે સ્વરાજ્ય સાધનામાં હિંદી વ્યાપારનું ખરૂં અન્તિમ હિત રહેલું છે. અંગ્રેજ સરકારને પણ આ વ્યાપારી આલમનો સહકાર મોટામાં મોટી શુળરૂપ છે. અંગ્રેજોને હિન્દુસ્થાનમાં ખરી રીતે કેવળ વ્યાપારનોજ સ્વાર્થ છે. આ સ્વાર્થ માત્ર આપણા વ્યાપારીઓજ નિર્મૂળ કરી શકે તેમ છે. વ્યાપારીઓ આજના સ્વાતંત્ર્ય યુધ્ધમાં પોતાને ભાગે આવતું કામ કરવાને ઉદ્યુક્ત થયા છે. જૈનો મોટા ભાગે વ્યાપાર પરાયણજ છે, તેઓ પોતા તરફથી બની શકે તેટલો ફાળો ભરવા નહિ ચુકે એવી આજે સખ્યાબંધ જૈનોને આ લડતમાં અપૂર્વ ઉત્સાહથી ભાગ લેતાં જોઇને પાકેપાકી આશા બંધાય છે.

## વડોદરામાં ભાગવતી દીક્ષા.

પરમ પુજ્ય જૈનાચાર્ય શ્રીમદ્ આત્મારામજી મહારાજના સંઘાડામાં મહુંમ વિજય કમળસૂરીશ્વરજીના શિષ્ય રત્ન મુનીમહારાજશ્રી ઉત્તમ વિજયજી, શ્રાવીકા સૌ. બ્હેન પ્રભાવતીને જેઠ સુદ ૪ ને શનીવારે ભાગવતી દીક્ષા આપવાના છે.

સૌ. બ્હેન પ્રભાવતી જે વીસ વર્ષની ઉમરના છે. તેઓ સરળ, શાંત, સ્વભાવના હોઇ ગુજરાતીનો અભ્યાસ તેમજ ધાર્મીક અભ્યાસ સારો કરેલો છે. તેઓ જાણીતા મહુંમ ઝવેરી હીરાચંદ ઇશ્વરદાસના કુટુંબમાં મહુંમ ભાઇ સરૂપચંદ હીરાચંદના પુત્રી હોઇ તેમનુ લગ્ન ભાઇ સુંદરલાલ સાથે થયેલું હતું. ભાઇ સુંદરલાલે બે વર્ષ ઉપરજ કપડવંજમાં દીક્ષા લીધી છે. તેઓશ્રી વિજયકમળસૂરીશ્વરજીના શીષ્ય રત્ન પન્યાસજી નેમવિજયજી મહારાજના શીષ્ય છે. તેમનાજ પગલે તેમના ધર્મપત્નિ પોતાનાં સગાં સ્નેહીઓની સમ્મતીથી ચારિત્ર ગ્રહણ કરી આત્મ કલ્યાણ સાધે છે, જે પ્રસંશનીય આદર્શમય છે.

# જૈન ચર્ચાનો ઝેરી પ્રચાર.

## જૈન જનતા સાવધાન!

—(૦)—

લખનાર: પંડિત આણંદજી દેવશી શાહ.

આ તો જાણીતી અને જગજાહેર વાત છે કે "મુંબઈ સમાચાર" નામના દૈનિક પત્રમાં જૈન ચર્ચાના કોલમોમાં એક જૈનના તખલ્લુસથી લખનાર એ હઠીલુ ગુર્જર જૈનને હવે સારોએ જૈન સમાજ પીછાણે છે. જુન્નેર જૈન કોન્ફરન્સની શરૂઆત, એની બેઠક અને ત્યાર પછીના એના લેખોથી એ ભાઈ સમાજમાં જાણીતા થઈ ગયા છે. એમને પોતાને કંઈ સિદ્ધાંત કે માન્યતા જાણે નજ હોય તેવી એના લખાણની ઢબ છે. એક પંક્તિમાં લખાએલ વિચારોનો એની બીજીજ પંક્તિ વિરોધ કરતી હોય તેવી એની રીત છે.

કહેવાતા શાસન પક્ષની વકીલાત કરવાનો આ ભાઈનો ધંધો અને ઇજારો હોય એમ લાગે છે. સાચેજ ધંધાદારી લેખકો માત્ર ધંધાની ખાતર લખે છે એટલે એને પોતાને તે સાથે ઓછોજ સંબંધ હોય છે. ગઈ તા. ૧૭-૫-૩૦ શનીવારના મુંબઈ સમાચારમાં એ ભાઈ પ્રકટ થયા છે અને એમણે શાસન પક્ષની ઉઘાડી છતાં નિર્લજ વકીલાત કરી છે. શ્રી કાંન્તિલાલ કસ્તુરચંદ વિગેરે તરફથી મંડાએલ ચકચારભર્યા જૈન કેસપર એણે સમાલોચના કરી છે. શરૂઆતમાં એ ભાઈ લખે છે કે આ કેસનું સમાધાન કરવા લગભગ તમામ જૈન સમાજની ઇચ્છા હતી. પછી તે લખે છે કે સુધારકપક્ષે સમાધાન કરી પીછેહઠ કરી છે અને આજ સુધી તેણે સ્વીકારેલ વલણ, વિચારો, અને આચરણથી તે પક્ષ હઠી ગયો છે; આ દલીલની મુર્ખ અસંગતતાપર હસવું આવે છે. જે કેસના સમાધાનમાં લગભગ બધા જૈનો આતુર હતા, તેનું સમાધાન થયું તેમાં સુધારકપક્ષને સંડોવવાની જરૂર શી છે; અને તેમ કરી સુધારકપક્ષે પીછેહઠ કરી તેની સાબીતી શી છે ? કેસ ક્રીમીનલ હતો; તેમાં મુનિસમાજની કેટલીક વ્યક્તિઓપર સુધારક પક્ષના જે આચાર વિષયક આરોપો છે તે આથી નિર્મૂળ થાય છે એમ મનાવવા જૈન ચર્ચાકારનો યત્ન છે અને તે મિથ્યા છે. સુધારક વર્ગ અને ખાસ કરી યુવાન વર્ગ પ્રમાણિકપણે એમ માને છે કે શ્રમણ સમાજમાં કેટલીક વ્યક્તિઓ અનીતિમાન છે, ઝગડાખોર છે; કલેશ અને કુસંપની ઉત્પાદક છે; અયોગ્ય દીક્ષા માટે તે ઉઠાવગીરી કરે છે. આ વાત આ વર્ગે છુપી નથી રાખી, તેણે તે વિષે લેખો લખ્યા છે, ભાષણો આપ્યાં છે અને તેની સાબીતીનો પડકાર પણ આપેલો છે. પણ તેનો આ કેસ સાથે સંબંધ શો છે ? મુનિઓ ફરીયાદી નથી છતા એ આ લેખકનો ઢંગ છે પણ ના. આગાખાન સાહેબની કચ્છ સુદર્શનના તંત્રી મિ. નાનજી લાલજી પરમારે બદનક્ષી કરી ત્યારે એમના અનુયાયી શેઠ મહમદભાઈએ જે રીતે પગલાં લીધા તે રીતે કહેવાતો શાસન પક્ષ કેમ નથી કરતો એનો જવાબ જૈન ચર્ચાના લેખક આપશે ? આ કેસનો ઉત્પાદક સુધારક પક્ષ હોય તેવો જૈન ચર્ચાનાં લેખકે યત્ન કર્યો છે પણ તે સાચો નથી. ગઈ તા૦ ૨૩-૭-૨૯ ના રોજે લાલબાગની વ્યાખ્યાન સભામાં બનેલા બનાવ પરથી એ કેસ ઉભો થયો હતો અને કેસો આમન સામન મંડાયા હતા, અને આમન સામન ખેંચાયા છે; બન્ને પક્ષોની ખેંચવાની શરતો એક સરખી છે. કેસ ખેંચી લેવાની શરતો શોભાસ્પદ છે કે કેમ ? તે સાથે સુધારક પક્ષને શી નિસ્બત છે ? ફરીયાદી કાન્તિલાલ સાથેનો સહકાર સુધારક પક્ષે ખેંચી લીધો એવો ખાલીક ગપ લેખકે ચલાવ્યો છે; પણ તેવો સહકાર હતો તે માટેજ સપ્રમાણ સાબીતી શી છે ? પ્રથમ જે વાત ન હોય તે ઉભી કરવી અને પછી તેનો રદીયો આપવો. એ કહેવાતા શાસન પક્ષની રીતની જૈન ચર્ચાના લેખકે આબાદ નકલ કરી છે. શ્રીમદ્ વિજયવલ્લભસૂરીજીને સાક્ષીમાં સંડોવાતા બચાવી લેવા ખાતર આ કેસનું સુધારક પક્ષે સમાધાન કર્યું છે એ લેખકનો બીજો ગપ છે. શ્રી વલ્લભસૂરીજીની સાક્ષીથી સુધારક પક્ષને શો સંબંધ હતો અને જે કેસ સાથે સારાએ સુધારક પક્ષનો સંબંધ હોવાનું ગીતરી મારી પછી આમ હતું; તેમ હતું; વિગેરે ડોળવું એથી જનસમાજ છેતરાય એ ભ્રમણામાંથી લેખકે છુટી જવું ઘટે. ચાલતી સુનાવણીઓ વખતે શ્રી. બાબુભાઈ મોતીચંદ સમાધાન કરવામાં કેટલા પ્રમાણીક રીતે આતુર હતા તે સમાજ જાણે છે, અને તેવા અનેક શાન્તિપ્રિય સજ્જનોના શુભ પ્રયાસથી ના૦ ઇન્દ્રવદન મહેતા સાહેબની ભલી કોશિષથી સમાધાન થયું છે અને તે બન્ને પક્ષે કર્યું છે. એ કેસ ફરીયાદીઓ અને આરોપીઓની મિલ્કત હતી. સમાધાન થયા પછી શાસન પક્ષના વતી તેના પર આવી ગંદી અને અનિષ્ટ ચર્ચા થાય છે એ સાચેજ શોચનીય છે અને કલેશપ્રિયતાનો એક વધુ અને મજબુત પુરાવો છે

### ભયંકર જુઠાણું.

જૈન ચર્ચાના લેખકે પોતાની ચર્ચાના બીજા ભાગમાં એક ભયંકર જુઠાણું સફાઇથી પ્રકટ કર્યું છે. પ્રથમ તો તે જૈન સમાજને જુના અને નવા પક્ષમાં વહેંચી નાંખે છે; પછી યંગ મેન્સ સોસાયટી સંમેલનનાં સ્વાગત્ સરનશીન શ્રી. નેમચંદ નાથાભાઈએ જેમ સમયધર્મિઓની મનફાવતી વ્યાખ્યા કરી છે તેમ આ લેખક બન્ને પક્ષની મરજી મુજબ માન્યતા ચોતરે છે અને લખે છે કે જુનો પક્ષ શ્રી મહાવીર દેવને સર્વજ્ઞ માને છે અને તેના સિધ્ધાંત પર વિશ્વાસ ધરાવે છે, જ્યારે નવો યાને સુધારક પક્ષ શ્રી મહાવીર દેવને સર્વજ્ઞ માનતો નથી;' એમના નામ પર ચડેલા સિધ્ધાંતોને સર્વજ્ઞ કથીત સ્વીકારતો નથી અને શ્રી મહાવીર દેવ જે ભુલી ગયા છે અને જે નથી કહ્યું તે સુધારવામાં અને વિચાર સ્વાતંત્ર્યમાં માને છે. આ નવા પક્ષની કઈ ઓથોરીટીએ જૈન ચર્ચાના લેખકને પોતાની માન્યતા વિષે લેખીત એકરાર કર્યો છે, તે તો તેજ જાણે. શ્રી મહાવીર દેવ સર્વજ્ઞ ન હતા એવી નવા પક્ષની માન્યતા પ્રકટ કરી જૈન ચર્ચાના લેખકે ભયંકર જુઠાણું પ્રકટ કર્યું છે અને એમના શાસ્ત્રો વિષે પણ તેવીજ બાલીશતા આચરી છે. શ્રી મહાવીર દેવ સર્વજ્ઞ હતા, મહાન પુરૂષ હતા, વિશ્વના અગ્રગણ્ય મહાપુરૂષ હતા અને અહિંસાના પરમ પ્રચારક હતા એ સાબીત કરવા ઇતિહાસ અને એવી અનેક દ્રષ્ટિથી નવા પક્ષનો પ્રયાસ જાણીતો છે. હા, એ સાચી વાત છે કે કેટલાક આજના ધર્મગુરૂઓ જેમ પોતપોતામાં લડે છે, સામ સામા હેન્ડબીલો કાઢે છે અને સ્ત્રીઓના ફજેતા જેવી ભાષાથી પોતપોતાના પક્ષનું સમર્થન કરે છે અને એ બધી ચેષ્ટાને શ્રી મહાવીર દેવના નામપર ચઢાવે છે. આવી હિલચાલ સદીઓ પહેલાં થોડા ધર્મગુરૂઓમાં પણ હતી અને તેવા હલકી કોટીના શાસ્ત્રો શ્રી મહાવીર દેવ જેવા મહા-

પુરૂષના નામપર ચઢતા સામે સુધારક પક્ષનો સખત અને મજબુત સામનો છે અને રહેશે. આજના કેટલાક ઝગડાખોર ધર્મગુરૂઓનું નિંદા સાહિત્ય સદીઓ પછી શાસ્ત્ર તરીકે મનાવવાનો યત્ન થશે તેનો સામનો શું અનિવાર્ય નથી? એક દાખલો લઇએ, ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી અને વિનયવિજયજી મહારાજનો વિરોધ જાણીતો છે. આમને સામને 'ધર્મકુઠાર' અને 'વિનયભુજંગ મયૂરી' જેવું સાહિત્ય પ્રકટ થયું છે. આ ગ્રંથોના નામમાંજ અતિશય દ્વેષ ભર્યો છે. છપાવીને લાગતાં જે પુસ્તક સામે ખરતર ગચ્છનો મજબુત વાંધો છે અને ખરતર ગચ્છના પણ કેટલાક પુસ્તકો સામે બીજાઓની ફરીયાદ છે. અચલ ગચ્છની સતપદી શ્રી પાર્શ્વચંદ્ર સુરીની માન્યતાઓ સામે પણ એક વર્ગનો મજબુત વિરોધ છે. જ્યારે એક વર્ગ અચલ ગચ્છના આર્યરક્ષિતસૂરી અને પાર્શ્વચંદ્રગચ્છના પાર્શ્વચંદ્રસુરીને ઢુંઢીયાની માશી કહે છે અને સ્થાનકવાસીના કોઇ હલકા કવીએ તપ્પાને તરકડા અને તપ્પાના કોઇ બીનજવાબદાર માણસે સ્થાનીકવાસીઓને 'ઢુંઢીયા ઢેઢથકી ભુંડા' કહેવાનું અને ગવાતું વર્ષો પહેલાં સંભળાતું. આ બધી કુટાણુ બાજીને કોઇ મૂર્ખ ધર્મગુરૂ પરમ પુરૂષ મહાવીર દેવના નામે ચઢાવે કે નિભાવે તે સામે શું સુધારકે સામનો ન કરવો? સાચેજ જૈન ચર્ચાના લેખકભાઇ, શાસ્ત્ર સમજવા બહુજ નાના છે, બાળક છે, અને તેથીજ તેણે નવાપક્ષની મનઃ કલ્પીત માન્યતા પ્રકટ કરી; પોતાની જાતને વધુ જાહેર કરી છે, પણ આ એક ભયંકર જુઠાણાથી ભરપૂર એવો દંભ છે તેથી તેમાંજ સાવધાન બને. આ લેખકે સફાઇથી તેમાં જૈન શ્વેતાંબર મહાસભા (કોન્ફરન્સ)ને સંડોવી છે. એ સંસ્થા ત્રણે ફીરકાની છે એમ સમજાવવાનો અસત્ય પ્રલાપ કર્યો છે અને ઐક્યતાના ઠરાવનો એના સમર્થનમાં આશ્રય લીધો છે. ઘણું કહે છે તે સાચું હોય તો જુન્નેરના અધીવેશનમાં ચર્ચાના લેખક હાજર હતા. આ અધિવેશનમાં એ સાફ અને સ્પષ્ટ ચોખવટ થઇ છે કે કોન્ફરન્સ એ મૂર્તિપૂજકોનીજ સંસ્થા છે અને મૂર્તિપૂજકોજ એના પ્રતિનિધિઓ બની શકે. મારવાડ અને કચ્છ વિગેરેના કેટલાક સંઘો, મહાજનો અને પંચાયતો, સ્થાનકવાસી અને મૂર્તિપૂજકો મળી સંયુક્ત કાર્યવાહી ચલાવે છે તેવા સંઘો વગેરે પણ જે પ્રતિનિધીઓ ચુંટી મોકલાવે તે મૂર્તિપૂજકજ હોવા જોઇએ. આટલી ચોખવટ શ્રી ઢઢાજી અને ભાઇ પરમાણંદ કુંવરજીના વિવાદ પછી થએલ છે છતાં જૈન ચર્ચાના લેખક ઇરાદાપૂર્વક ઉંધો કક્કો ઘુંટાવે છે એ દુઃખ અને શરમનો વિષય છે. ઐક્ય સુચક ઠરાવનો અર્થ તો ખુલ્લો છે કે જો ત્રણે ફીરકાની એક સંયુક્ત કોન્ફરન્સ મળે તો અને ત્યારે આપણે આપણા પચાસ પ્રતિનિધિઓ તેમાં મોકલવા અને આ સંયુક્ત કોન્ફરન્સ અવિરોધી બધાને સંમત હોય જેવું કે 'જૈન તત્વજ્ઞાન' તેવા વિષયોની ચર્ચા કરશે અને તેમ બનશે ત્યારે પણ મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દીગમ્બરો, એ ફીરકાઓની પોતપોતાની કોન્ફરન્સ તો પોતાના બંધારણ પ્રમાણે પોતાનું નિરાળું કામ કર્યે જશે. આ ચોખવટ પણ જુન્નેર અધિવેશનમાંજ થએલ છે, તે ચર્ચાના લેખકથી અજ્ઞાન હોવાનું બનવા યોગ્ય નથી છતાં કોન્ફરન્સને ઉતારી પાડવા માટે થતા મલીન પ્રયત્નો પૈકીનો લેખકનો આ પણ એક તિરસ્કૃત અને પામર પ્રયાસ છે. કોન્ફરન્સ સામે કોર્ટમાં આર્થીક કારણે જવાનો વિચાર ચાલી રહ્યાની વાયડી વાતનો જવાબ તો કોન્ફરન્સના મહા મંત્રીઓ સમય આવે આપી દેશે. જુન્નેરમાં કોન્ફરન્સે પીછે હઠ કરી અને સુરતમાં દેરાવીરતીઓએ અને સોસાયટીવાળાઓએ પ્રગતિ કરી; એ ચર્ચાના લેખકનો છુપો છતાં ઝેરી સુર છે. ભાંડનકળા, ગાળાગાળી, અમે સારા બાકી બધા ખરાબ, અને બહિષ્કૃત, આમાં પ્રગતિ થયાનું કોન્ફરન્સ નથી માનતી એ સમાજનું સદ્ભાગ્ય છે સુરતમાં પ્રગતિ થઇ છે, એમ હું એક અર્થમાં માનું છું અને તે પ્રગતિ કરવાનું કરનારાઓના અંત તરફ.

### કોન્ફરન્સે પોતાના ઠરાવોનો ભંગ કર્યો છે?

જૈન ચર્ચાના લેખકની ઝેરી કલમમાંથી એ વાત ઝરી છે કે કોન્ફરન્સે પોતાના ઠરાવનો ભંગ કર્યો છે. આના સમર્થનમાં લેખકે જે અસંગત વાહીયાત અને બીનપાયાદાર વાતો લખી છે તે જોઇ લેખકની મનોદશા પર અને પક્ષકારિત્વ પર કોઇપણ સમજુને દયા આવ્યા વગર નહિ રહે; તે શુદ્ધિ અને સંગઠનના ઠરાવની વાત વચ્ચે લાવે છે છતાં એનું સમર્થન થતું નથી એટલે પછી પાટણ વિગેરેના સંઘે કરેલ બહિષ્કારની વાતને સંડોવે છે. એ લાંબા સમયથી જાણીતી વાત છે કે સ્થાનિક પંચોની, સંઘોની અને મહાજનોની સ્થાનિક, અંગત તકરારો અને ખટપટો વચ્ચે કોન્ફરન્સ નહિં આવે તેવી ચર્ચા તેમાં નહિં થાય અને કોન્ફરન્સ નહિં કરે; આ કોન્ફરન્સનું બંધારણ અને ધ્યેય છતાં તેની જવાબદારી સાથે કોન્ફરન્સનો સંબંધ હોય તેવો લેખકનો યત્ન છે અને એમ આખાએ લેખમાં અસંગત હકીકતોને ઇરાદાપૂર્વક ઠસાવવામાં આવી છે. કોન્ફરન્સના પ્રચારકોએ બીજાની માન્યતાઓ સામે બળાત્કાર કરનાર વિરૂદ્ધ કંઇ કહ્યું નથી એવો લેખકનો અસત્ય આક્ષેપ છે. કોઇ પણ સ્થાનીક ઝગડામાં કોન્ફરન્સની ઓથોરીટી ન પડે એમાંજ એની શોભા અને સલામતી છે, છતાં કોન્ફરન્સના કાર્યકર્તાઓએ કોન્ફરન્સના હોદેદાર તરીકે નહિં પણ એક ગ્રહસ્થ તરીકે બનતું કર્યું છે. વડોદરામાં મંડાએલ વૈદ્ય બાપુલાલભાઇ તરફના કેસનું સમાધાન કરવા પંડીત લાલન, શેઠ રણછોડભાઇ વિગેરે સજ્જનોએ યત્ન કર્યો હતો પણ પરિણામ ન આવ્યું. મુંબઇ, સુરત, અને વડોદરાની કોન્ફરન્સની પ્રચાર સભાઓમાં મારી હાજરી હતી અને એ વખતે દરેક વક્તાઓએ ઐક્ય, સંપ, સંગઠન અને વિચાર વિનિમયની છુટ ઉપર અપાય તેટલો ભાર આપ્યો છે; બાકી જામનગર અને પાટણ જેવા સ્થાનીક બનાવોમાં કોન્ફરન્સ નજ પડી શકે કોઇ મુનિઓ અને એના મુઠ્ઠીભર અનુયાયીઓ સ્થાનીક સમસ્ત સંઘની અવમાનના કરે કે કરશે તેમાં સ્થાનીક સંઘની મેજોરીટીને યોગ્ય લાગે તેવું પગલું ભરાયું હોય તે સાથે કોન્ફરન્સને જરાએ સંબંધ નથી, ન હોઇ શકે. અંતમાં જૈન ચર્ચાના લેખકને નમ્ર છતાં દ્રઢ અપીલ છે કે આપ આ ઝેરી પ્રચારથી અટકી જાવ એમાં સમાજની સેવા છે. તમારૂં અંગત ધ્યેય છે, પછી તો આપની ઇચ્છા અને સંયોગો. લ. શાન્તિ.

## :: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.